Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्‌गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५३. आषाढ. आत्म सं. ३२ { अंक १२ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ ખાલી ધમાલ !... | ૩૨૫ | ૭ આત્મિક મુદ્રાલેખ. | ૩૪૨ |
| ૨ ઉન્નતિને સાધનારો દશ પ્રકારનો સામાન્ય માર્ગ.... | ૩૨૬ | ૮ જૈન એન્ક, તેની આવશ્યકતા અને શકયતા. | ૩૪૩ |
| ૩ દેશવટો દેશો કે?... | ૩૩૧ | ૯ આત્માને... | ૩૪૬ |
| ૪ ૐ શ્રી શાન્તિ.... | ૩૩૨ | ૧૦ પ્રકીર્ણ. | ૩૪૭ |
| ૫ કેટલાક ઉપયોગી વિચારો. | ૩૩૩ | ૧૧ વર્તમાન સમાચાર.. | ૩૪૮ |
| ૬ વીર વાક્યો. | ૩૩૮ | ૧૨ ગ્રંથાવલોકન. | ૩૪૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ પ્રતિબોધ-ભાષાંતર.

અખિલ વિદ્યાપારંગત, સકલશાસ્ત્રનિષ્ણાત, જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય **રાજા કુમારપાળ મહારાજને** સમયે સમયે જૈનધર્મનો બોધ, વિવિધ વ્યાખ્યાનદ્વારા તે તે વિષયોની અનેક સુંદર રસિક કથાઓ સહિત આપેલ, કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈનધર્મનો સ્વીકાર ( શિવધર્મ છોડી દઈ ) ક્રમશઃ કેવી રીતે કર્યો, અને સનાતન જૈનધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે કરેલ જિન ધર્મની અતુલ પ્રભાવના, વગડાવેલ જીવદયાનો ( અહિંસા ધર્મનો ) ડંકો, કરેલ તીર્થ, અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દીવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્યપાલના ), નૃપતિની ઉચ્ચ ભાવના, નિત્ય સ્મરણ વગેરે અનેક બનાવો આ સર્વ સરલ, સુંદર, રસિક, હોવાથી દરેક વાંચકના હૃદય ઓતપ્રોત થઈ જતાં વૈરાગ્ય રસથી આત્મા છલકાઈ જઈ મોક્ષનો અભિલાષી બને છે. આ ગ્રંથ જૈનેતર વાંચે તો જૈન બની જાય, તો જૈન કુળમાં જન્મેલ વાંચતાં પરમ જૈન બને તે નિર્વિવાદ છે.

સાહિત્યના સાગરના તરંગોને ઉછાળનાર, શાંત રસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય-જનોને રસભર કથાઓના પાન સાથે, સત્ય ઉપદેશ અને સદ્જ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર, આ ગ્રંથના લેખક શ્રી સોમપ્રભાચાર્ય મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન ( હૈયાત ) હતા. આ ગ્રંથ કુમારપાળ રાજાના સ્વર્ગવાસ પછી ૧૧ મે વર્ષેજ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તેજ સત્ય પુરાવો છે.

આ ગ્રંથના પઠન પાઠનથી મહામંગળરૂપ ધર્મ, તેની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનની ભાવનાઓ પ્રગટ થતાં નિર્મળ સમ્યકત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રકટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે, કે જે શેઠ શ્રી નાગરદાસભાઈ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સીરીઝ તરીકે ( મદદવડે ) છપાયેલ છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી તથા પરમાર્હત કુમારપાળ મહારાજા બંને મહા પુરૂષોની વિવિધ રંગોથી ભરપૂર છબીઓ કલાની દૃષ્ટિએ મોટો ખર્ચ કરી બહુજ સુંદર, આકર્ષક, જિજ્ઞાસુઓને દર્શન કરવાની અભિલાષા પૂર્ણ કરવા માટે તૈયાર કરાવી આ ગ્રંથમાં દાખલ કરેલ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ટાઈપોથી છપાવી, સુશોભિત કપડાના પાકા બાઈડીંગથી બંધાતી આ અમુલ્ય ગ્રંથને અલંકાર રૂપ તૈયાર કરેલ છે. સુમારે સાઠ ફોર્મ રોયલ સાઈઝ આઠપેજી પાંચસેંહ પાનાના આ ગ્રંથની રૂા. ૩–૧૨–૦ પોણાચાર રૂપૈયા કિંમત રાખેલ છે. **જૈન** નામ ધરાવનારા કોઈ પણ બંધુ બ્હેનના ગૃહમાં, નિવાર સ્થાનમાં અને નિરંતર અભ્યાસ માટે પોતા પાસે આ ગ્રંથ હોવોજ જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानंद प्रकाश.

## ( પુસ્તક ૨૪ મું )

પુ૦ ૨૪ મું. } વીર સં. ૨૪૫૨-૫૩. આત્મ સં. ૩૧-૩૨ { અંક ૧ થી ૧૨.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रियनिजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द प्रकाशो' वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः ॥ १ ॥

પ્રકટ કર્ત્તા—

**શ્રી જૈન આત્માનંદ સભા,**

**ભાવનગર.**

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


૧ મંગળ–પ્રાર્થના. સંઘવી વેલચંદ ધનજી. ૧
૨ ગુરૂદેવ વંદન. ,, ૧
૩ આશિર–આનંદ. ,, ૨
૪ નૂતન વર્ષનું મંગળમય વિધાન. શાહ ફતેહચંદ ઝવેરભાઇ. ૨
૫ વીર–વંદન. શાહ મણિલાલ માણેકચંદ મહુધાવાસી. ૮
૬ વિશ્વરચના પ્રબંધ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ. ૯, ૪૫, ૭૧, ૯૬, ૧૨૪, ૧૭૫,
૭ જીવ, મન અને ઇંદ્રિઓના–સંલાપરૂપ કથા. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૧૨, ૫૨ ૭૬,
૮ કલ્પસૂત્રના એક વર્ષાંકનું અવલોકન. આગમાભ્યાસી. ૧૫
૯ સાંસારિક જીવન. ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ૨૦, ૪૮, ૮૪
૧૦ અમદાવાદમાં સકળ સંઘના પ્રતિનિધિઓનું સંમેલન. ૨૫
૧૧ શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સનું ખાસ અધિવેશન. ૨૮
૧૨ શ્રી ભારતીય જૈન સ્વયંસેવકનું પ્રથમ અધિવેશન. ૩૬
૧૩ વર્તમાન સમાચાર. ૩૯, ૬૬, ૯૨, ૧૨૦, ૧૪૩, ૧૭૯, ૨૦૩, ૨૬૨, ૨૮૮, ૩૨૧, ૩૪૮,
૧૪ સ્વીકાર અને સમાલોચના. ( સેક્રેટરી ) ૪૦, ૬૮, ૯૪, ૧૨૧, ૧૫૩, ૧૮૧, ૨૦૪, ૨૩૪, ૨૬૫, ૨૯૦, ૩૨૪, ૩૪૮
૧૫ મંગળાભિનન્દન. ( પદ્ય ) પં. અમોઘ ચરણ. ૪૨
૧૬ એ કરાર. ( પદ્ય ) સંઘવી વેલચંદ ધનજી. ૪૩
૧૭ સુવાસિક ફુલડાં. ( ,, ) કલ્યાણચંદ કેશવલાલ વડોદરા. ૪૪
૧૮ જિન પૂજા. ( ,, ) શાહ છગનલાલ નહાલચંદ નાણાવટી. ૪૪
૧૯ જૈનોની જૈનો પ્રત્યે ફરજ. વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. ૫૫
૨૦ આદર્શ શિક્ષક. અનિલ. ૫૯
૨૧ મ્હારા વંદનીય ગુરૂ. ( પદ્ય ) ગુલાબચંદ મૂળચંદ બાવીશી. ૬૧
૨૨ મનોબળ. ,, ૬૨
૨૩ પ્રશ્નોત્તર. ( શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરજીને શાહ ઝવેરભાઈ છગનલાલ સુરવાડા-વાળાએ પુછેલા પ્રશ્નોત્તરો. ) ૬૩, ૭૯, ૧૧૨
૨૪ સુધારો. ૬૫, ૮૯, ૨૮૬, ૩૨૪
૨૫ પરાશા–વિરામ. ( પદ્ય ) વેલચંદ ધનજી. ૬૯
૨૬ પ્રથમ પ્રભુ પ્રણામ. ( ,, ) મણિલાલ માણેકચંદ શાહ મહુધાવાળા. ૭૦
૨૭ રાત્રિ ભોજન. વકીલ નંદલાલ લલ્લુભાઇ વડોદરા. ૮૨
૨૮ પ્રેસીડેન્ટ અને સુવ્વર–દયાનો અપૂર્વ–બનાવ. ( સ્વામી રામતીર્થ ) ૯૧
૨૯ અદ્વૈત–સ્મારક. સંઘવી વેલચંદ ધનજી. ૯૫


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૦ આદર્શ જૈન કેવા હોવા જોઇએ ? વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. ૧૦૧
૩૧ મંત્રી મુદ્રા. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ. ૧૦૬, ૧૩૬, ૧૭૧
૩૨ સહિષ્ણુતા. ગુલાબચંદ મૂળચંદ બાવીશી. ૧૧૫
૩૩ જૈન સખાવત. નરોતમદાસ બી. શાહ. ૧૧૬, ૧૩૩, ૧૫૮, ૧૮૪, ૨૦૮, ૨૩૯
૩૪ પ્રકીર્ણ. સેક્રેટરી. ૧૧૯, ૧૫૫, ૨૩૩, ૨૬૦, ૨૮૮, ૩૧૦, ૩૪૭
૩૫ વિભુ વિનંતિ. ( પદ્ય ) મણિલાલ માણેકચંદ શાહ મહુધાવાળા. ૧૨૩
૩૬ ભદ્રેશ્વર તીર્થ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ. ૧૧૮
૩૭ શ્રી મૂળચંદ્રજી ગણી અષ્ટક. ( પદ્ય ) ,, ૧૩૧
૩૮ એક દુઃખદ પ્રસંગ. ( લાલ હેન્ડબીલ માટે ) ૧૫૬
૩૯ ઉન્નતિ અર્થે. ( પદ્ય ) મણિલાલ માણેકચંદ મહુધા. ૧૫૭
૪૦ મનુષ્ય જીવનની સાર્થકતા. વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. ૧૬૧
૪૧ પરિશ્રમ અને કાર્ય. ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ૧૬૬, ૧૯૩
૪૨ ઉપદેશક પદ. ( પદ્ય ) મનસુખલાલ ડાયાભાઇ શાહ વઢવાણ કેમ્પ. ૧૭૫
૪૩ કાર્યસિદ્ધિ માટે સદ્‌વિચારોની આવશ્યકતા. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૧૭૮
૪૪ બદલી ન હોય. ( પદ્ય ) વેલચંદ ધનજી. ૧૮૩
૪૫ જૈન ધર્મની ખૂબીઓ. વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. ૧૮૭
૪૬ માનવી શિવઘેલા. ( પદ્ય ) મણિલાલ માણેકચંદ મહુધાવાલા. ૧૯૨
૪૭ શ્રી શત્રુંજય સંબંધી કાર્ય પ્રચાર. ( કોન્ફરન્સ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.) ૧૯૮
૪૮ શ્રી જૈન શ્વેતાંબર એ૦ બોર્ડ અને હાલની પરિસ્થિતિ. માવજી દામજી શાહ. ૨૦૦
૪૯ વિશ્વોપકારી. ( પદ્ય ) મણિલાલ માણેકચંદ મહુધાવાળા. ૨૦૭
૫૦ ન્યાયોપાર્જિત દ્રવ્ય. ( ,, ) શા ઝવેર છગનલાલ ખુશાલ. ૨૧૦
૫૧ જૈન વ્યાયામશાળા ને તેની સ્થાપના. માવજી દામજી શાહ. ૨૧૧
૫૨ જૈન તામિલ સાહિત્ય. મોહનલાલ દીપચંદ ચોકસી. ૨૧૫
૫૩ કોની જીત. ( પદ્ય ) શાહ ઘેલાભાઇ પ્રાણલાલ કલોલ. ૨૧૬
૫૪ આદર્શ જૈન વિદ્યાર્થી જીવન. વાડીલાલ મોહોકમલાલ શાહ. ૨૧૭
૫૫ જૈન જીવનના ઉચ્ચ હેતુઓ. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨૨૧
૫૬ કમળ પ્રશસ્તિ. ( પદ્ય ) ચુનીલાલ છગનલાલ સરાફ ૨૨૮
૫૭–૫૮ આ. શ્રી વિજયકમળસૂરિશ્વરજી મહારાજનું થયેલ અતિ શોકજનક અવસાન. ૨૨૯
૫૯ કલકત્તા યુનિવરસીટીની સંસ્કૃત પરીક્ષાનું કેન્દ્ર એક જૈન સંસ્થા. ૨૩૨
૬૦ શ્રી વીરને. ( પદ્ય ) ઘેલાભાઈ પ્રાણલાલ શાહ કલોલ. ૨૩૭
૬૧ સરસ્વતી મહિમા ( પદ્ય ) મણિલાલ માણેકચંદ શાહ મહુધાવાળા. ૨૩૮
૬૨ આધ્યાત્મિક બળ ફતેચંદ ઝવેરભાઇ શાહ. ૨૪૦
૬૩ આત્માને ઉપદેશ. ( પદ્ય ) છગનલાલ ન્હાલચંદ નાણાવટી. ૨૪૩
૬૪ આપણું સંગઠન. મોહનલાલ દીપચંદ ચોકશી. ૨૪૪
૬૫ શ્રી મહાવાર પ્રભુનું સર્વોત્તમ જીવન. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨૪૫
૬૬–૬૭ શ્રી શત્રુંજય તીર્થના સંબંધમાં મુનિરાજશ્રી હંસવિજયજી મહારજનું ભાષણ. ૨૪૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૬૮ સમભાવ. | અધ્યાયી. | ૨૫૦ |
| ૬૯ જય મહાવીર ! જય મહાવીર. ( પદ્ય ) | વજેચંદ લક્ષ્મીચંદ શાહ. ( વાંસદા ) | ૨૫૯ |
| ૭૦ પ્રેમમયી પ્રાર્થના. ( ,, ) | શાહ ઝવેરચંદ છગનલાલ. | ૨૬૭ |
| ૭૧ જીનશાળામાં આવો. ( ,, ) | મણિલાલ માણેકચંદ મહુધાવાળા. | ૨૬૮ |
| ૭૨ બુદ્ધિ મહાત્મ્ય. | વિચારક. | ૨૬૯ |
| ૭૩ પાપનું ભાન. | ફતેહચંદ ઝવેરભાઇ શાહ. | ૨૭૧ |
| ૭૪ કેટલાક ઉપયોગી વિચારો. | વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૨૭૪–૨૯૬–૩૩૩ |
| ૭૫ પશ્ચાતાપ અને માફી. ( પદ્ય ) | ઘેલાભાઇ પ્રાણલાલ શાહ કલોલ. | ૨૭૯ |
| ૭૬ તેજી ક્યારે થશે ? | મણિલાલ માણેકચંદ શાહ મહુધાવાળા. | ૨૮૦ |
| ૭૭ પ્રશ્નોત્તર. | મ. હા. શાહ કલકત્તા. | ૨૭૧ |
| ૭૮ શીકારીને. ( પદ્ય ) | ઝવેરી કલ્યાણચંદ કેશવલાલ વડોદરા. | ૨૮૨ |
| ૭૯ મૃત્યુ ! | ઘેલાભાઇ પ્રાણલાલ શાહ કલોલ. | ૨૮૩ |
| ૮૦ ઉપદેશક પદ. ( પદ્ય ) | પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ. | ૨૮૭ |
| ૮૧ અમારો સત્કાર. | ( સભા ) | ૨૯૨ |
| ૮૨ ધાર્મિક અભ્યાસ ક્રમ. | સ્થાનીક કમીટી. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ–પાલીતાણા. | ૨૯૩ |
| ૮૩ જયંતી મહોત્સવ. | સંઘવી વેલચંદ ધનજી. | ૨૯૫ |
| ૮૪ કુમારપાળ મહારાજાનું ધાર્મિક જીવન. | ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. | ૩૦૦ |
| ૮૫ નિત્યાનિત્ય જીવન ઘટના. | શાહ ફતેહચંદ ઝવેરભાઇ. | ૩૦૩ |
| ૮૬ સાહિત્ય. | વિહારી. | ૩૦૬ |
| ૮૭ શરીરની અનિત્યતા. | ઘેલાભાઇ પ્રાણલાલ શાહ કલોલ. | ૩૦૮ |
| ૮૮ આ સભાનો ૩૧ મો વાર્ષિક મહોત્સવ. | ( સભા ) | ૩૧૧ |
| ૮૯ ન્યાયાંભોનિધિ–પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય, સૂરીશ્વરજી શ્રી વિજયાનંદસૂરિશ્વરજીની જયંતિ. | શાહ મનસુખલાલ ડાયાભાઇ વઢવાણ | ૩૧૨ |
| ૯૦ ખાલી ધમાલ. ( પદ્ય ) | મનસુખલાલ ડાયાભાઇ વઢવાણ કાંપ. | ૩૨૫ |
| ૯૧ ઉન્નતિને સાધનારો દશ પ્રકારનો સામાન્ય ધર્મ. | ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ. | ૩૨૬ |
| ૯૨ દેશવટો દેશોકે ? ( પદ્ય ) | મણીલાલ માણેકચંદ મહુધાવાળા. | ૩૩૧ |
| ૯૩ ૐ શ્રી શાંતિ. ,, | ,, | ૩૩૨ |
| ૯૪ વીર વાક્યો. | શાહ ઘેલાભાઇ પ્રાણલાલ કલોલ. | ૩૩૮ |
| ૯૫ આત્મિક મુદ્રાલેખ ! | શાહ ઘેલાભાઇ પ્રાણલાલ. કલોલ | ૩૪૨ |
| ૯૬ જૈન બેંક અને તેની આવશ્યકતા. | મણીલાલ માણેકચંદ શાહ. | ૩૪૩ |
| ૯૭ આત્માને. ( પદ્ય ) | શાહ ઘેલાભાઇ પ્રાણલાલ શાહ. કલોલ. | ૩૪૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. | वीर संवत् २४५३. अषाढ. आत्म संवत् ३२ | अंक १२ मो.

## खाली धमाल !

રાગ—માઢ—( અમારી ગુણવંતી ગુજરાત. )

કરે છે ! શીદને ખાલી ધમાલ ! કાઢીશ નહિ કંઇ માલ......કરે છે.
પાણીના પરપોટા જેવું, જીવન જાણજે લાલ; !
કાળ ફાળ વિકાળ છે જગમાં, કોણે દીઠી છે કાલ !......કરે છે.
આશામાં ઉંચા ભલે બાંધે, હાટ—હવેલી—માળ,
આંખ ઓચીન્તી વીંચાશે ત્યારે, તુરત બગડશે તાલ......કરે છે.
નાશવંત છે સર્વ પદાર્થો, જુઠી છે માયા જાળ;
સમજ ! સમજ ! રજ માનવ મનમાં, તું ત્હારૂં સંભાળ......કરે છે.
આતમનું હિત ચૂકે કાં ચેતન, ચાલી અવળી ચાલ;
પસ્તાવો પાછળથી થાશે, થાશે બુરા હાલ ... ......કરે છે.
હજી બાજી છે હાથ ધરીલે, વીર—ધર્મની ઢાલ;
બહાદુર થઇ બાંધી લે મનસુખ, " પાણી પ્હેલા પાળ. "......કરે છે.

મનસુખલાલ ડાયાભાઈ—શાહ—વઢવાણકેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉન્નતિને સાધનારો દશ પ્રકારનો સામાન્ય માર્ગ.

शार्दूलविक्रीडित.

सद्विद्या निजसंततातिषु विनयः सत्संगतिः सद्व्ययः
ऐक्यं देशरतिः स्वधर्मदृढता स्वाध्यायसंसेवनम् ।
उत्कर्षे निरहंकृतिर्न वचनैर्यद् वैमनस्योद्भवो
मार्गो ह्युन्नतिसाधको दशविधः प्रोक्तो बुधैः श्रेयसे ॥ १ ॥

પોતાની સંતતિમાં સદ્દવિદ્યા, વિનય, સત્સંગ, શુભકાર્યોમાં દ્રવ્યનો વ્યય, સંપ, સ્વદેશ ઉપર પ્રીતિ, સ્વધર્મ ઉપર દ્રઢતા, હમેશ સ્વાધ્યાય સેવન, ઉત્કર્ષમાં અહંકારનો અભાવ અને વાણીથી બીજાના મનને દુભાવવું નહીં તે–એ દશ પ્રકારનો ઉન્નતિને સાધનારો માર્ગ વિદ્વાનોએ કલ્યાણને માટે કહેલો છે.

## ૧ સદ્વિદ્યા.

જેનાથી મનુષ્ય પોતાનું મનુષ્યત્વ સમજી શકે, વ્યવહારના નિયમો પાળવાને પ્રવર્તે, ધર્મ, નીતિ, સત્ય, શૌર્ય, ક્ષમા, દયા, આદિ સર્વ ઉદાર ગુણો મેળવે, હૃદયમાં ઉચ્ચ ભાવનાઓને ભરે, વિચારને અનુકુલ આચાર પાળે અને જીવનનો ઉચ્ચ વિકાસ કરવામાં આગળ વધે, તે **સદ્વિદ્યા** કહેવાય છે. એવી સદ્દવિદ્યા પોતાની સંતતિને અપાવવી એટલે એવી ઉચ્ચ કેળવણી અપાવવી, એ ઉદયના માર્ગનો એક પ્રકાર છે.

## ૨ વિનય.

મનુષ્યોના પરસ્પર વ્યવહારના નિયમોમાં વિનય એ મુખ્ય નિયમ છે, ધર્મના વર્ત્તનમાં પણ તેને મુખ્ય ગણવામાં આવ્યો છે. અને તે દશ પ્રકારે છે. અને તે ધર્મનું મૂળ છે. સદ્વર્ત્તનના સ્વરૂપનું પ્રધાન અંગ વિનયજ કહેવાય છે. તે મનુષ્યના સદ્દગુણોમાં રાજા તરીકે છે. ઉચ્ચ શિક્ષણની સાર્થકતા પણ વિનયથીજ થાય છે. માનવ જીવનની ઉચ્ચતા મેળવવા માટે પ્રથમ વિનયની છાપ લેવી પડે છે. એ છાપ મેળવવાથી માણસના બીજા સદ્દગુણોની ખાત્રી થાય છે. મનુષ્યત્વની મહત્તા અને પ્રભાવ વિનયગુણથીજ જણાઇ આવે છે. જો વિનય ન હોય તો બીજા ગુણો તદ્દન નકામા થઇ જાય છે. જ્યાં સુધી વિનય ગુણ પ્રાપ્ત થયો ન હોય ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી મનુષ્યત્વ ગણાતુંજ નથી. વિનયના પ્રકાશ વિના બીજા ગુણો તદ્દન ઝાંખા રહે છે. તેથી પ્રત્યેક મનુષ્યે પ્રથમ વિનય ગુણ મેળવવાને પ્રયત્ન કરવો જોઇએ. આ વિશ્વમાં વિખ્યાત થઇ ગયેલા મહાત્માઓએ પ્રજાને માટે ખરા ઉપયોગી ગુણ તરીકે વિનયનેજ વર્ણવ્યો છે. એક પિતાએ પોતાના પુત્રને નીચેના પદ્યથી એજ બોધ આપ્યો હતો.

**यदि विद्वांश्च मतिमान् धनवांश्च नियोगवान् ।**
**न जातस्तत्र नो चिन्ता मा भवाविनयी सुत ॥ १ ॥**

હે પુત્ર ! કદિ તું વિદ્વાન્, બુદ્ધિમાન્, ધનવાન્, અને અધિકારી ન થા તો તેને માટે મને ચિંતા નથી, પણ તું અવિનયી થઇશ નહિ. ૧.

## ૩ સત્સંગતિ.

સત્સંગનું મહત્વ અદ્ભૂત અને દિવ્ય ગણાય છે. સતત સારા સહવાસમાં રહેવું, એ એક પ્રકારની શિક્ષણશાળામાં રહેવા જેવું છે. કેટલાએક વિદ્વાનો સત્સંગને સ્વર્ગીય સ્થળની ઉપમા આપે છે. મનુષ્ય માનવ સૃષ્ટિમાં ઉત્પન્ન થયા છતાં સત્સંગથી દિવ્ય સૃષ્ટિમાં ઉત્પન થયેલો ગણાય છે. શારીરિક અને માનસિક ઉચ્ચ શકિતનો વિકાસ સત્સંગથીજ થાય છે. મનની વૃત્તિઓ એટલી બધી ચપળ છે અને કોમળ છે કે તેની ઉપર સહવાસની છાપ તુરત પડી જાય છે તેથી મનને સત્સંગના સહવાસનો લાભ આપવો આવશ્યક છે. જેમ જેમ માણસ સત્સંગની કોટીમાં ચડતો જાય છે, તેમ તેમ તે આત્માનો સ્વાભાવિક પ્રકાશ મેળવતો જાય છે. સુખ અને દુ:ખ, અસ્ત તથા ઉદય–એ આ જગત્‌ના પ્રવર્ત્તનમાં ચક્રની જેમ ફર્યા કરે છે. એ ઉભય ચક્રોના ચલનથી આ સંસારનો મહાન્ રથ ચાલે છે. જે સત્સંગનો આશ્રયી બને છે, તેને એ રથના સુખ અને ઉદયના ચક્રનો વિશેષ લાભ મળે છે. આ વિશ્વની આનંદમય અને નિયમિત રચનાનો ઉચ્ચ અનુભવ પણ સત્સંગના સેવકને જ મલી શકે છે. સત્સંગનો ઉચ્ચ પ્રભાવ જાણનારા વિદ્વાનોએ સત્સંગના અનેક સ્તવનો ગાયા છે.

## ૪ સદ્દ્વ્યય.

ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું અને તે દ્રવ્યનો શુભ કાર્યોમાં વ્યય કરવો, તે ઉન્નતિને સાધનારા માર્ગનો ચોથો પ્રકાર છે. સંસારના સાધનોની સિદ્ધિ દ્રવ્ય વિના થઇ શકતી નથી; તેથી પ્રત્યેક ગૃહસ્થને દ્રવ્યોપાર્જન કરવાની આવશ્યક્તા પ્રાપ્ત થાય છે. દ્રવ્યની પ્રાપ્તિ કર્માધીન છે, તેથી સદ્‌ભાગ્યે જો દ્રવ્યોપાર્જન કરવાના સારા સારા સાધનો મળી આવે અને તે દ્વારા દ્રવ્ય સાધ્ય થાય તો દ્રવ્યનો સદુપયોગ કરવો જોઇએ. ભય, શંકા અને સંકોચને ઉપજાવનારી કૃપણતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગ કરવો જોઇએ. પ્રાચીન વિદ્વાનો એ કૃપણતાના દોષથી દૂર રહેવાની ખાસ ભલામણ કરે છે. તેઓ કહે છે કે, " આ સંસાર દુઃખમય છે, કલેશમય છે, એમ જે કહેવામાં આવે છે, તેનું મૂળ કારણ કૃપણતા છે. કૃપણતા સંસારને દુઃખમય બનાવે છે અને ઉદારતા સંસારને સુખમય બનાવે છે. " આ કથન અક્ષરશઃ સત્ય છે. તેથી કૃપણતાનો ત્યાગ કરી ઉદારતાના મહાન્ ગુણને અવલંબી ઊપાર્જન કરેલા દ્રવ્યનો સદ્વ્યય કરવો જોઇએ.

એક સમર્થ વિદ્વાને તે ઉદારતાના બે પ્રકાર પાડેલા છે. ૧ **શુભગામિની** ઉદારતા અને **અશુભગામિની** બીજી ઉદારતા. ધર્મ, વિદ્યા, કળા, ઉદ્યોગ અને સદ્વર્ત્તનની વૃદ્ધિને માટે તેમજ દીન, અનાથ અને અપંગના ઉદ્ધારને માટે જે ઉદારતા કરવામાં આવે તે **શુભગામિની** ઉદારતા કહેવાય છે. અને અચિર-સ્થાયી ખોટી કીર્ત્તિ, અહંભાવની વૃદ્ધિ, કુપાત્ર પોષણ અને આત્મપ્રશંસા માટે જે ઉદારતા કરવામાં આવે તે **અશુભગામિની** ઉદારતા કહેવાય છે. આવી ઉદારતા ઇચ્છવાલાયક નથી. તેવી ઉદારતામાં જે ખર્ચ કરવામાં આવે તે દ્રવ્યનો દુરૂપયોગ કર્યો કહેવાય છે. જે ઉપર કહેલ શુભગામિની ઉદારતામાં દ્રવ્યનો વ્યય કરવામાં આવે તેજ સદ્વ્યય ગણાય છે અને તેવા વ્યયથી ધર્મ અને કીર્ત્તિ–ઊભય પ્રાપ્ત થાય છે. તે વિષે સાહિત્યમાં નીચેનું પદ્ય કહેવાય છે.

**येन पुण्यप्रकाशः स्यात् येन कल्याण साधनम् ।**
**तदर्थे यो व्ययः स्वस्य सद्व्ययः स प्रकीर्त्तितः ॥ १ ॥**

જેનાથી પુણ્યનો પ્રકાશ થાય, જેનાથી લોકકલ્યાણના સાધનો બને, તેવા કાર્યને માટે જે દ્રવ્યનો વ્યય થાય છે, તે સદ્વ્યય કહેવાય છે. ૧

## ૫ ઐકય–સંપ.

ઐકય–સંપની મહત્તા અદ્ભુત ગણાય છે. જગત્‌ની અંદર કષ્ટ સાધ્ય અને અસાધ્ય કાર્યો હોય છે, તે ઐકયની અદ્ભુત શક્તિથી સુખ સાધ્ય થઇ શકે છે.

કવિઓ લખે છે કે, " ઇંદ્રનું વજ્ર, દિવ્ય શસ્ત્રો અને અસ્ત્રો અને અદ્ભુત બુદ્ધિબળ અથવા મનોબળ જે કાર્ય કરી શકતા નથી, તે કાર્ય સંપની તીવ્ર શક્તિ કરી શકે છે. તેમજ સંપની શ્રૃંખલા જો યથાર્થ ગુંથાઇ હોય તો તેને તોડવાને કે શિથિલ કરવાને દેવતાઓ પણ સમર્થ થઇ શકતા નથી. " સંપ એ સર્વ પ્રકારના વિજયનો વાવટો છે. અને મુશ્કેલીઓને મહાત્ કરવાની અદ્ભુત શક્તિ છે. જ્યાં સંપની શિથિલતા હોય છે, ત્યાં ઉન્નતિની આશા રાખવાની જ નથી. સંપનો અભાવ એ સર્વ સાધનોનો અભાવ ગણાય છે. તેથીજ સંપને ઉન્નતિના સાધક માર્ગના એક પ્રકારની અંદર ગણેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬ દેશપ્રીતિ.

જે દેશમાં મનુષ્ય જન્મ્યો છે અને ઉછર્યો છે, તે દેશની સેવા કરવાને તે બંધાએલો છે. વિશ્વના વિશાળ ક્ષેત્રને ખીલવવા અને સ્વદેશના પ્રેમનું ગૌરવ વધારવા આર્યપ્રજા પ્રથમથીજ પ્રયત્ન કરતી આવી છે. પ્રત્યેક મનુષ્યે પોતાના જીવનમાં બે ભાવના ધારણ કરવાની છે. ૧ સ્થળભાવના અને ૨ કુટુંબભાવના. તેમાં જે સ્થળભાવના તેજ દેશભાવના છે. જે દેશ અને તેની પ્રજા સાથે રહી માણસે પોતાનું જીવન પ્રસાર કરવાનું છે અને જેના શુભ અને અશુભમાં પોતાને લાભ અને હાનિ છે, તે દેશ તરફ પ્રેમ રાખવો, એ તેનું મુખ્ય કર્ત્તવ્ય છે. દેશની પ્રજાની ઉન્નતિ તે પોતાની ઉન્નતિ છે એમ સમજવું જોઇએ. જન્મભૂમિ તરફનો પ્રેમ કદિ પણ શિથિલ થવો ન જોઇએ. જે ભૂમિમાં પોતે જન્મ્યો છે, તે જન્મભૂમિ પોતાની જનની છે, તેથી જ તે માતૃભૂમિ કહેવાય છે. આર્ય હૃદયમાંથી જન્મભુમિનો પ્રેમ કદિ પણ દૂર થતો નથી. તે વિષે એક મહાન્ કવિ નીચેનું પદ્ય ગાય છે.

**जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।**
**इष्टयोगः सुगोष्ठी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥**

જનની–માતા, જન્મભૂમિ–માતૃભૂમિ, પાછલી રાતની નિદ્રા, ઇષ્ટ–મિત્રયોગ અને મનગમતી ગોષ્ટી એ પાંચને પ્રાણી માત્ર છોડી શકતા નથી. ૧

## ૭ સ્વધર્મ દૃઢતા.

કુગતિમાં પડતા જીવને ધારણા કરી રાખે તે ધર્મ કહેવાય છે; પરંતુ ધર્મ શબ્દનો અર્થ ઇશ્વરભક્તિ અને કર્ત્તવ્ય એ ઉભય પ્રકાર અહિં લેવાનો છે. જે ધર્મના સંપ્રદાયમાં જન્મ થયો હોય, જે ધર્મની પ્રવૃત્તિ કુટુંબમાં ચાલતી હોય અને જેને અનુસરીને પવિત્ર આચાર, વિચાર પ્રવર્ત્તતા હોય, તે ધર્મ ઉપર મનુષ્યે ખરી દઢતા રાખવી જોઇએ. કાળચક્રના પરિવર્ત્તનથી વિષમ પ્રસંગો પ્રાપ્ત થાય તોપણ પોતાના ઇષ્ટધર્મમાંથી કદિપણ ભ્રષ્ટ થવું ન જોઇએ. ધર્મમાત્રનો ઉદ્દેશ દુઃખ અથવા પાપની ઉત્પત્તિનો વિચાર ચલાવવાનો હોય છે. પાપ અને તેનાથી થતા દુઃખાદિનો ઉદ્ભવ કેમ થાય છે ? એ સમજવું ઘણું કઠિન છે અને તેને માટે આર્યતત્વજ્ઞોએ વિવિધ કલ્પનાઓ ઉપર વિવિધ દૂષણો પણ આપેલા છે. સ્વધર્મ ઉપર દ્રઢતા રાખવાથી એ વાત સારી રીતે સમજાય છે, અને તેવા ધર્મના આલંબનથી અનીતિ તથા અનાચારથી બચવાને સદા તત્પર રહેવાય છે. ધર્મનો અર્થ કર્ત્તવ્ય લેવાથી પણ અનુપમ વર્ત્તન મેળવી શકાય છે. મનુષ્ય જન્મ્યો ત્યાંથી તેણે પોતાનું કર્ત્તવ્ય યથાર્થ રીતે બજાવવાનું છે—ખરૂં કર્ત્તવ્ય સમજનાર મનુષ્ય પોતાના જીવનને ઉચ્ચ સ્થિતિએ લાવી શકે છે, એટલું જ નહિં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કર્ત્તવ્યધર્મના બળથી તે ઉભયલોકમાં શ્રેય પણ મેળવી શકે છે. શુદ્ધ વ્યવહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચાર અને શુદ્ધ ધર્મ સમજવાની શક્તિ કર્ત્તવ્ય પરાયણને જેવી પ્રાપ્ત થાય છે, તેવી બીજાને થતી નથી. માનવજીવન કર્ત્તવ્યથીજ કૃતાર્થ છે. જેને પોતાના કર્ત્તવ્યનું યથાર્થ ભાન થયું છે, તે આ વિશ્વ ઉપર સર્વત્ર વિજયી અને યશસ્વી બને છે. કર્ત્તવ્યનું સ્વરૂપ જે હ્રદયમાં પ્રકાશી નીકળ્યું હોય, તે હ્રદયના પ્રદેશમાં પછી કદિપણ મલિન ભાવો પેસી શકતા નથી. કર્ત્તવ્યના અદ્‌ભુત અને દિવ્ય તેજ આગળ કોઇપણ જાતનું અંધકાર આવી શકતું નથી. તેવા કર્ત્તવ્ય ઉપર દ્રઢતા રાખવી તે એક ઉન્નતિનો સાધક ઉચ્ચ માર્ગ છે.

## ૮ સ્વાધ્યાય સેવા.

સ્વાધ્યાય એ માનવબુદ્ધિને વિકાસ કરવાનું મહા સાધન છે. આત્મસ્વરૂપને વિશેષ પ્રકાશ આપવાને માટે સ્વાધ્યાયના જેવું બીજું એકે સાધન નથી. પ્રાચીન વિદ્વાનોએ મનુષ્યજાતિને માટે સ્વાધ્યાયને એક અદ્‌ભુત દિવ્યબળ કહેલું છે. આ વિશ્વ ઉપર જે કાંઈ અનેક અદ્‌ભુત અને ઉન્નતિકારક પ્રસંગો બનેલા છે, તે સ્વાધ્યાયનોજ પ્રભાવ છે. જનસમાજને સર્વ કાલે અને સર્વ પ્રસંગે સ્વાધ્યાયની સેવાથીજ નવું સામર્થ્ય અને નવું બળ પ્રાપ્ત કરવાનું છે. ભારતભૂમિ ઉપર જે ઉચ્ચ ધાર્મિક ભાવનાઓ પ્રવર્ત્તી છે, તે સ્વાધ્યાયને આભારી છે. ધર્મના નાયકો અને સ્થાપકોએ સ્વાધ્યાયના આશ્રયથીજ વિજયી થઇ શકયા છે. અને ભવિષ્યમાં વિજય મેળવવાને માટે આપણે માટે એ સ્વાધ્યાયની સમૃદ્ધિનો અદ્‌ભુત વારસો મુકી ગયા છે. તે સ્વાધ્યાયની પ્રવૃત્તિ ધર્મ અને વ્યવહાર બંને પ્રકારે થઇ શકે છે. ઉન્નતિની ઇચ્છા અને આશા રાખનારા પ્રત્યેક મનુષ્યે એ સ્વાધ્યાયરૂપ સુધાસાગરમાં સદા મગ્ન રહી સ્વ અને પરનું શ્રેય કરવાને ઉદ્યત થવાનું છે.

જૈનશાસ્ત્રકારોએ સ્વાધ્યાયનું ઉચ્ચ સ્વરૂપ બતાવેલું છે કે જેથી સ્વાધ્યાયરૂપી ઉદ્યાનમાં વિહાર કરનાર પુરૂષ પરમાનંદમાં મગ્ન થઇ કલ્યાણના ભંડાર બને છે.

## ૯ ઉત્કર્ષમાં પણ નિરભિમાનિતા.

સંપત્તિ—આબાદિથી ઉત્કર્ષ થતાં જ મનુષ્ય અભિમાનના મહાન પર્વત ઉપર ચડી જાય છે. આ પ્રવૃત્તિને આર્ય વિદ્વાનો ધિક્કારે છે. તેઓ કહે છે કે " સંપત્તિના ગર્વરૂપી ગિરિ ઉપર ચડેલા મનુષ્યનો અવશ્ય અધઃપાત થાય છે. " વૈભવના ઉત્કર્ષમાં નિરભિમાન રહેવું, એજ મનુષ્યનું સદ્વર્ત્તન છે. સજ્જનત્વના લક્ષણોમાં સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં ખેદ ન કરવાનું ઉત્તમ લક્ષણ સૂચવેલું છે. અને એ લક્ષણથી જ મનુષ્ય સર્વ લક્ષણ સંપૂર્ણ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦ વાણીથી પણ બીજાના મનને ખેદ પમાડવો નહિં.

હૃદયની વૃત્તિઓ ઉપર ખરેખરી અસર વાણીથી થઇ શકે છે. વાણીનો પ્રવાહ લાગણીઓના પ્રવાહનો ઉત્તેજક બને છે. ઉત્તમવક્તાઓના વચનો શ્રોતાઓના હૃદયોને હલાવી શકે છે, તેથી પ્રત્યેક મનુષ્યે વાણીના વેગનો પૂર્ણ વિચાર કરવાનો છે. મુખમાંથી કેવી વાણી નીકળવી જોઇએ ? તે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. જે વાણીથી કોઇપણના મનને ખેદ થાય, તેના અંતરની લાગણી દુઃખાય, તેના હૃદયમાં કષાયનો ઉદય થાય અને તેનો આત્મા ખિન્ન બની જાય તેવી વાણી કદિ પણ પ્રગટ કરવી ન જોઇએ. વાણી ઉપર પૂર્ણ અંકુશ રાખી પ્રવર્તવું જોઈએ. જે વાણી શ્રોતાના મનને આનંદ આપનારી હોય, ઉત્સાહની પ્રેરક બને તેવી હોય, અને વક્તા તરફ માનબુદ્ધિ ઉત્પન્ન કરે તેવી હોય તેવી વાણી જ બોલવી જોઇએ. એવો ઉત્તમ વક્તા ઉન્નતિના માર્ગને મેલવવાને યોગ્ય થાય છે.

આ પ્રમાણે ઉન્નતિને સાધનારો દશ પ્રકારનો માર્ગ મહાન્ પુરૂષોએ–વિદ્વાનોએ પ્રતિપાદન કર્યો છે. આ દશવિધ માર્ગે પ્રવૃત્તિ કરનાર પુરૂષ પોતાના જીવનના ઉચ્ચ તત્વોને વધારી સર્વ પ્રકારની ઉન્નતિ સાધી શકે છે. જગત્માં આ માર્ગે ચાલનારી પ્રજાએ જે ઉન્નતિ મેળવી છે, તેને માટે ઇતિહાસ પૂરેપૂરી સાક્ષી આપે છે. એથી ઉન્નતિનો આ દશ વિધ માર્ગ ગ્રહણ કરવામાં પ્રમાણભૂત ગણાયો છે. ( **આત્મવલ્લભ.** )

## દેશવટો દેશો કે ?

( રાગ–સોરઠ )

કુધારા કાળા ક્રૂર અન્યાયી હાંકી કાઢજોરે,
સુધારા સાધી સુખ શાન્તિ સુધા રેલાવજોરે એ ટેક.
બાળ વિવાહ વળી લગ્ન અકારાં, કજોડ વિક્રય સારાં ખારાં; ૧
દૂર કરી દિલ દાઝ દીપક પ્રગટાવજો રે................કુધારા
ન્યાત વરા વિધ વિધ લ્હાણીમાં, સીમન્તને સરકસ ગાડીમાં; ૨
કાં કરો ધુમાડો ધનનો, ત્યાગજો રે........................કુધારા
કાર્ય નિરૂપયોગી સ્વાર્થી, આદરો કાં સાધો પરમાર્થી; ૩
દ્રવ્ય બચાવી શુભ સુકાર્યમાં રોકજો રે...................કુધારા
કુસંપ કલેશ વળી કજીયાઓ, માનો મૂળ કારણ કુચાલો; ૪
દેશવટો દઇ કેમ દેશ ઉદ્ધારજો રે........................કુધારા

( રચનાર:—**મણીલાલ માણેકચંદ** મહુધાવાલા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " ॐ श्री शान्ति. "

( રાગ–કલ્યાણ. )

શાન્તિદાત શાન્તિ સ્થાપ શાન્તિ સર્વદા;
સુમતિ સુબુદ્ધિ આપ કાપ ઉર વ્યથા—ટેક.

વિશ્વસેન સુત લાડકવાયા, અચિરા માતાના હુલરાયા;
મૃગલંછન ધારક જીન પ્યારા, સોળમા તીર્થંપતિ જયકારા...શાન્તિ–૧

ચાલીશ ધનુષ પ્રમાણુની કાયા, કંચનમય, અમ નેનના તારા;
લક્ષ વરસનું આયુ વ્હાલા; જન્મ્યા ગજપુર ગ્રામમાં રાયા...શાન્તિ–૨

ગરૂડ નિર્વાણી સુર દેવા, રાચી માચી કરે તુજ સેવા;
ભક્તિ ભરી જે પાવે સેવા, ભાગે સેવકના ભવફેરા... ...શાન્તિ–૩

ભક્તિભાવે ભાવી ત્રિપુટી, જ્ઞાન, દરીશન, સંયમ સાધી;
બનીયા અક્ષયપદ અધિકારી, ધર્મધ્યાન ધરી ગુણરાગી ...શાન્તિ–૪

મંગળ મુર્તિપર જાઉં વારી, શાન્તિ–મય–કર મોહનગારી;
સૌમ્ય તુજ દરીશન સુખકારી, દિવ્યપ્રભા તમ તમ હરનારી...શાન્તિ–૫

ॐ શ્રી શાન્તિ ! યોગી મહન્ત, ગુણવન્તા મુખ પુનમચંદા;
ભગવન્તા શાન્તિ સુખકંદા, જગવંદા જીન જગજયવન્તા...શાન્તિ ૬

નમન વંદન હો મનરંજન, જગજીવન તું જગદાનન્દન;
ભવભય ભંજન નાથ નિરંજન, કર્મ નિકંદન દ્વોકર વંદન...શાન્તિ–૭

( રચનારઃ—મણીલાલ માણેકચંદ મહુવાવાળા. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક ઉપયોગી વિચારો.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ઠ ૩૦૦ થી શરૂ. )

સંપન્ન અથવા શક્તિશાળી થવાની અથવા કોઇ પ્રકારની પ્રધાનતા અથવા શ્રેષ્ઠતા સંપાદન કરવાની કામના મનુષ્યમાં સ્વાભાવિક હોય છે. પરંતુ સંસારમાં એવા ઘણા લોકો હોય છે કે જેઓ પોતાના બાલબચ્ચાંના ભરણ પોષણનો પ્રબંધ કરીને શાંત બેસી જાય છે; તેનાથી વધારે તેઓમાં કોઈ જાતની અભિલાષા હોતી નથી. આનું કારણ શું ? વાત એમ છે કે પ્રત્યેક મનુષ્યમાં દૈવી યશ રહેલો હોય છે અને જે મનુષ્યની શારીરિક તેમ જ માનસિક સ્થિતિ સાધારણ રીતે સારી હોય છે તે મનુષ્યને તે દૈવી અંશ ઉન્નતિ કરવા માટે અને આગળ વધવા માટે પ્રેર્યા કરે છે. આપણા સમાજ, જાતિ, દેશ અને આખા સંસાર પ્રત્યે આપણું કાંઇને કાંઇ કર્તવ્ય રહેલું જ છે. માનવજાતિનું કલ્યાણ કરવું અને સંસારના સુખોની વૃદ્ધિ કરવી એ આપણું પ્રધાન કર્તવ્ય છે અને એ કર્તવ્યનું જ્ઞાન પ્રત્યક્ષ રૂપે કે પરોક્ષ રૂપે આપણને હંમેશા આગળ વધવાને, ઉન્નતિ કરવાને પ્રેર્યા કરે છે. પરંતુ જે લોકોની શારીરિક કે માનસિક શકિતઓ કોઇપણ પ્રકારે નિર્બળ થઈ ગયેલી હોય છે તેઓને પોતાનાં એ કર્તવ્યનું જ્ઞાન નથી હોતું અને તેઓ પોતાનું પરમ આવશ્યક દૈનિક કાર્ય કરીને જ સંતુષ્ટ રહે છે. તેનાથી વધારે બીજું કાંઈપણ કરવાની તેઓને ઇચ્છા થતી નથી.

પ્રત્યેક મનુષ્ય પોતાના પરિવાર, સમાજ, જાતિ, દેશ અને સંસારનો થોડો ઘણો રૂણી હોય છે અને એ રૂણથી મુક્ત થવું તે તેનું પરમ કર્તવ્ય છે. ઘણી વખત એજ કર્તવ્ય આપણને અનેક તરેહનાં કાર્યો કરવા માટે બાધ્ય કરે છે. એ કર્તવ્યજ આપણને એ પણ બતાવે છે કે તેનું પાલન આપણે પોતે કરવું જોઇએ. આપણા કર્તવ્યોનું પાલન બીજાઓને કહેવાથી થઇ શકતું જ નથી. મોટા મોટા ધનવાનોને પણ કોઇ કાર્ય કર્યા વગર, કોઇ પ્રકારનાં કર્તવ્ય-પાલન વગર સંતોષ થતો નથી. તેનું કારણ એ છે કે 'કર્તવ્ય' જ પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે તેઓને કોઇને કોઇ કાર્ય કરવા માટે પ્રેરિત અને ઉત્તેજીત કર્યા કરે છે. તેજ કર્તવ્ય આપણને બતાવે છે કે આળસુ, અકર્મણ્ય અને નિરૂદ્યમી રહેવું એ ઘણુંજ ખરાબ નિંદનીય અને ઘૃણિત છે. પોતાની જાતે પરિશ્રમ કર્યા વગર, કેવળ બીજાના આધારે રહીને ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, અને સુવું એ મહા પાપ છે. જો આપણે કશું કાર્ય ન કરીએ તો આપણામાં રહેલ દૈવી અંશના આપણે અપરાધી બનીએ છીએ. તે અંશ આપણામાં કર્તવ્યપાલનની બુદ્ધિ ઉત્પન્ન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનાથી જ મનુષ્યમાં વિદ્યા, ધન અને બળ પ્રાપ્ત કરવાની, ભિન્ન ભિન્ન પ્રકારના નવા આવિષ્કાર કરવાની, યથાસાધ્ય બીજાનું કલ્યાણ કરવાની તથા એવી બીજી અનેક બાબતોની ભાવના ઉત્પન્ન થાય છે.

સંસારમાં જેટલાં મહાન્ કાર્યો થયાં છે તેનાં કર્તાઓનો ઉદ્દેશ તે કાર્યોદ્વારા કેવળ પોતાનું પેટ ભરવાનો નથી હોતો. એડીસને કેવળ પેટ ભરવા માટે વિદ્યુત્સંબંધી અનેક જાતનાં આવિષ્કાર નથી શોધ્યાં, રામમૂર્તિ નાયડુએ કેવળ પેટ ભરવાના હેતુથી આટલું બધું બળ સંપાદન નથી કર્યું, તેમજ લો૦ તિલક મહારાજે ઉદર પોષણની ઇચ્છાથી **ગીતા રહસ્ય** નથી લખ્યું. તે લોકોના અંતઃકરણમાં કોઇ ગુપ્ત અને અમાનુષી શક્તિ કામ કરી રહી હતી અને એ શક્તિએ કાર્યરૂપે પરિણમીને સંસારને પોતાનાં અસ્તિત્વનો પરિચય આપ્યો છે. એ લોકોમાં એક એવી વિશાલ કામના અથવા ઉચ્ચાકાંક્ષા હતી કે જે કોઇ પણ રીતે દાબી દબાય તેમ નહોતી; અને તેના બળે તેઓ મહાન્ કાર્યો કરી શકયા. એજ કામના અથવા આકાંક્ષા મનુષ્યને હમેશાં પ્રયત્નશીલ રાખે છે, તેને ઉદ્યોગી અને ઉદ્યમી બનાવે છે અને અંદરના આદર્શને બહાર કાઢીને જગતને બતાવવા ચાહે છે.

જે વસ્તુનો હમેશાં યોગ્ય ઉપયોગ થયા કરે છે તે વસ્તુ જ ઘણું કરીને સારી સ્થિતિમાં રહે છે અને જે વસ્તુથી કશું કાર્ય લેવામાં આવતું નથી તે ખરાબ અથવા નષ્ટ થઇ જાય છે. તલવારથી કામ ન લેવામાં આવે તો તેને કાટ ચડી જાય છે. આપણા હાથ પગથી કામ ન લેવામાં આવે તો તે દુર્બલ બની જાય છે. એવી જ સ્થિતિ આપણી આંતરિક શક્તિઓની પણ છે. જે મનુષ્ય પોતાની કામનાઓ અને આકાંક્ષાઓથી કામ નથી લેતો તેની કામનાઓ અને આકાંક્ષાઓ આપોઆપ દબાઇ નષ્ટ થઇ જાય છે. સંસારમાં ઘણા લોકો કેવળ પોતાના ઉદર પોષણનો પ્રબંધ કરી નિશ્ચિંતતા સેવે છે તેનું કારણ એ છે કે તેઓએ પોતાની આકાંક્ષાઓનો નાશ કરી દીધો હોય છે; પરંતુ તે લોકો એટલું નથી સમજતા કે પોતાની આકાંક્ષાઓનો નાશ કરી દેવો તે આત્મ–હત્યાથી પણ વધારે મોટું પાપ છે, તેનાથી આપણને પોતાને નુકશાન થાય છે એટલું જ નહિ પણ આપણા સમાજને, દેશને, સમસ્ત સંસારને તથા માનવજાતિને નુકશાન પહોંચે છે.

મનુષ્યમાં ઉચ્ચાકાંક્ષાઓ હોવી એ કદિ પણ ખરાબ અથવા નિંદનીય નથી. ઉલટું તેનો અભાવ જ ખરાબ અને નિંદનીય છે. એક વાર એકાદ નાની સાધારણ પરંતુ શુભ આકાંક્ષા કરો અને પછી જુઓ કે તેની પૂર્તિ થતાં તમારૂં મન કેટલું સંતુષ્ટ અને પ્રસન્ન બને છે, તમારામાં કેટલું વધારે નવું બળ આવે છે, અને આગળ ઉંપર તમારા મનમાં કેવી સારી આકાંક્ષાઓ ઉત્પન્ન થાય છે. સંસારમાં કાંઇક કરી દેખાડવું એજ સૌથી સરસ ઉપાય છે. મહાન્ કાર્યો આકાંક્ષાઓની આ રીતે વૃદ્ધિ થવાથી જ થયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટા મોટા શેઠીયાઓ અને લક્ષાધિપતિઓને જુઓ. તેઓ પાસે લાખો કરોડો રૂપીયા હોય છે, પરંતુ તેઓ હમેશાં વ્યાપારમાં લાગ્યા રહે છે, રાત દિવસ રૂપિયા રળવા માટે મહેનત કર્યા કરે છે. ખાવા પીવા માટે, પહેરવા ઓઢવા માટે, બાળબચ્ચાંનું ભરણ પોષણ કરવા માટે અને પોતાનું જીવન સુખચેનથી ગાળવા માટે તો તેઓની પાસે યથેષ્ટ ધન હોય છે, તો પછી તેઓ રાતદિવસ આટલો બધો પરિશ્રમ શા માટે ઉઠાવે છે ? આપણે કહી શકીયે કે માત્ર ધનની લાલચથીજ તેઓ રાત દિવસ બળદની માફક વૈતરૂં કર્યા કરે છે. કોઈ કંજુસ અથવા લોભી ધનવાન વેપારીઓના સંબંધમાં એ વાત બંધ બેસતી લાગે છે, પરંતુ દુનિયાના સઘળા મોટા વેપારીઓના સંબંધમાં એ કથન ઠીક નથી લાગતું. સઘળા વેપારીઓ કંજુસ અને લોભી નથી હોતા. તેઓ રાત દિવસ વેપારનાં કાર્યોમાં લાગ્યા રહે છે તેનું મુખ્ય કારણ એ હોય છે કે પરિશ્રમ અને કાર્ય કર્યા વગર, પોતાની સઘળી શક્તિઓનો સદુપયોગ કર્યા વગર તેઓને સંતોષજ થતો નથી. પરિશ્રમ અને કાર્ય કર્યા વગર તેઓને પોતાનું જીવન અકારૂં લાગે છે. તેઓને ધનની ચિંતા ઓછી હોય છે અને કાર્યની વધારે હોય છે. તેઓની સઘળી સંપત્તિ છીનવી લેવામાં આવે અને તેઓને દેશનિકાલ કરવામાં આવે તોપણ તેઓને વિશેષ કષ્ટ નહિ થાય. કેમકે બીજા દેશમાં જઈને અને નિર્ધન રહીને પણ તેઓ પોતાની શકિતઓનો ઉપયોગ કરી શકશે-પરિશ્રમ અને કાર્યમાં લાગી શકશે. પરંતુ જો આપણે તેઓને સઘળા પ્રકારનું શારીરિક સુખ આપીને કેવળ કાર્ય અને પરિશ્રમથી વંચિત રાખવા ઇચ્છીશું તો તેઓને ઘણુંજ કષ્ટ થશે અને તેઓ એવી સ્થિતિમાં કદિપણ રહી શકશે નહિ.

હકીકત એમ છે કે ઉચ્ચ કોટિના મનુષ્યો હંમેશાં કર્તવ્ય અને પરિશ્રમના વિચારથીજ આદિથી અંતસુધી સઘળાં કાર્યો કરે છે. કર્તવ્ય અને પરિશ્રમ તેઓનો પુરસ્કાર હોય છે. મનુષ્યમાં જે સ્વાભાવિક ઉચ્ચાકાંક્ષા રહેલી હોય છે તેનો બલપૂર્વક નાશ કરવામાં આવે તો તે મનુષ્ય પાસે પરિશ્રમ અને કાર્ય અવશ્ય કરાવે છે અને એના ફળરૂપે તેને મહાત્મા અથવા મહાપુરૂષ બનાવે છે. યથેષ્ટ ધન, બળ અથવા વિદ્યા આદિ વિગેરે પ્રાપ્ત કરવા ઉપરાંત તે આકાંક્ષા તેને બરાબર આગળ વધારે છે. આગળ વધવામાં મનુષ્યને પોતાને તેમજ બીજાઓને પણ લાભ થાય છે. એટલા માટેજ મનુષ્યને ઉચ્ચાકાંક્ષી થવાની-હમેશાં પરિશ્રમપૂર્વક કર્તવ્ય-પાલન કરતાં રહેવાની-સૌથી વધારે આવશ્યક્તા છે. કેવળ પોતાનાં નિર્વાહ માટે યથેષ્ટ ધન આદિનો સંગ્રહ કરીને કામધંધો છોડીને બેસી રહેવું અને વધારે પરિશ્રમ અથવા ઉન્નતિ ન કરવી તેમાં વાસ્તવિક મનુષ્યત્વ સમાયલું નથી. એ તો એક જાતની સ્વાર્થ સાધના કહેવાય. આપણે આપણું કાર્ય સાધી લીધું, પરંતુ બીજા પ્રત્યે આપણું જે કર્તવ્ય છે તેનું પાલન આપણે ક્યાં કર્યું-આપણાપર જે રૂણ છે તે આપણે ક્યાં વાળી આપ્યું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક મનુષ્યનું એ એક પરમ કર્તવ્ય છે કે તેણે પોતાની બધી શકિતઓનો જેટલો બને તેટલો સારો :અને વિશેષ ઉપયોગ કરવો અને દુનિયાની સારી બાબતોને બની શકે ત્યાં સુધી વધારવી. અને એ એક પ્રાકૃતિક નિયમ છે કે જે મનુષ્ય સંસારની સારી બાબતોની જેટલી વૃદ્ધિ કરે છે તેટલો તેને પોતાનેજ લાભ થાય છે-તેના પોતામાં તેટલી વધારે પૂર્ણતા આવે છે. પરંતુ જે મનુષ્ય જગતના કલ્યાણનો વિચાર છોડી દઈને સ્વાર્થી, લોભી અથવા અકર્મણ્ય બની જાય છે તે સંસારમાં અધમ, નિંદનીય અને ઘૃણાપાત્ર ગણાય છે. એવો મનુષ્ય કદિપણ સુખી અથવા શાંત રહી શકતો નથી. અને જો તે કોઇપણ રીતે પોતાની સ્થિતિને સુખ-પૂર્ણ માનવા લાગે તો તેની તે માન્યતા પણ કદિ યથાર્થ ઠરતી નથી.

કેટલાક લોકોમાં ઉચ્ચાકાંક્ષાઓ તો હોય છે, પરંતુ તેની સાથે એક દોષ પણ હોય છે. એ દોષ એ છે કે તે લોકો મોટા કાર્યો પણ એક ઝપાટામાં કરી નાંખવા ઇચ્છે છે. એ લોકો એટલું નથી સમજતા કે કોઇ કાર્ય યોગ્યતાપૂર્વક કરવા માટે હમેશાં ધૈર્યપૂર્વક પરિશ્રમ કરવાની આવશ્યકતા છે. કેમકે દુનિયામાં એવા નિરંતર ધૈર્યપૂર્વક કરેલા પરિશ્રમનીજ શોભા છે. જે મનુષ્ય હમેશાં ઉન્નતિ સાધવામાં પ્રયત્નશીલ રહે છે, પોતાનું જ્ઞાન વધાર્યા કરે છે, સારા સારા પ્રસંગોનો હમેશાં ઉપયોગ કરે છે, પોતાના અવકાશનો સમય પણ કોઇ સારા કાર્યમાં ગાળે છે તે આગળ ઉપર કોઇ મહાન્ કાર્ય કરવા સમર્થ બની શકે છે. કેમકે તે હમેશાં પોતાની ઉન્નતિ અને ઉત્કર્ષ સાધવામાં તત્પર રહે છે. પરંતુ જે મનુષ્ય મોટી મોટી વાતોનો વિચાર કરે છે, પરંતુ બધો સમય વિચાર કરવામાંજ વીતાવી દે છે અને કદિપણ કાર્ય પરાયણ નથી બનતો તે જ્યાંનો ત્યાંજ રહે છે. અને કોઈ વખત તે કરતાં પણ વધારે અવનત સ્થિતિએ પહોંચી જાય છે.

જે મનુષ્ય દુનિયામાં કોઇ મહાન્ કાર્ય કરવા ચ્હાતો હોય તેણે હમેશાં પોતાની ઉન્નતિ કરવામાં-આત્મોત્કર્ષ સાધવામાં લાગ્યા રહેવું જોઈએ. મનુષ્યની યોગ્યતા, કાર્ય કુશળતા અને સામર્થ્ય વિગેરેનું એજ સૌથી ઉત્તમ ચિહ્ન છે. આપણે એમ ન સમજવું કે માત્ર બાલ્યાવસ્થા અને યુવાવસ્થાજ શિક્ષણને માટે ઉપયુકત છે. મનુષ્યનું આખું જીવન કાંઇને કાંઇ શીખવા માટે અને હમેશાં પોતાનું જ્ઞાન વધારવા માટે જ નિર્માયલું છે. મનુષ્ય સ્વાભાવિક રીતેજ જીજ્ઞાસુ હોય છે; તેને હમેશાં સઘળી વાતોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ચિંતા રહે છે. આજ-કાલ દુનિયા વિદ્યા, કળા અને જ્ઞાન વિગેરેમાં આટલી બધી આગળ વધી ગયેલી જણાય છે તેનું મુખ્ય કારણ એજ છે કે મનુષ્યની જ્ઞાનપિપાસા કદિપણ શાંત થતીજ નથી. જે જ્ઞાન તેણે પ્રાપ્ત કર્યું હોય છે તેજ તેને જ્ઞાન-વૃદ્ધિ કરવાની પ્રેરણા કરે છે. એ રીતે એનો જ્ઞાનનો ખજાનો વધ્યે જાય છે. યથાસાધ્ય એવી જ્ઞાનવૃદ્ધિ કરવી તે પ્રત્યેક મનુષ્યનું પ્રધાન કર્તવ્ય છે. આપણું જ્ઞાન વધારવું અને આત્મોકર્ષ સાધવો એજ કર્તવ્ય-પાલનનો પ્રધાન માર્ગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં શીખવા યોગ્ય અસંખ્ય અને અનંત બાબતો છે. સ્કુલોમાં તે બાબતોનું નામ પણ નથી હોતું, જોકે કોલેજોમાં તે બાબતોની થોડી ઘણી ચર્ચા અવશ્ય થાય છે. વાસ્તવિક શિક્ષણ સ્કૂલ તથા કોલેજ છોડયા પછીજ શરૂ થાય છે. સ્કૂલો તથા કોલેજોમાં એ બાબતો શીખવાતી નથી પણ તે શીખવા માટે માર્ગ બતાવવામાં આવે છે. તે માર્ગે ચાલીને પોતાના બાકીનાં જીવનમાં મનુષ્ય પોતે સ્વયમેવ જ્ઞાન સંપાદન કરી શકે છે. પરંતુ આજકાલ જ્ઞાન સંપાદન માટે ઘણા થોડા લોકો પ્રયાસ કરે છે, મોટો ભાગ તો ઉદરપોષણ અને ધન-સંગ્રહમાંજ લાગી જાય છે. સંસારની અનેક ચિંતાઓ લોકોને ઘેરી લે છે અને તેથી તેઓ જ્ઞાન પ્રાપ્તિ કરવામાં ઉદાસીન બની જાય છે. એવા મનુષ્યોને માત્ર બે વાત કહેવા યોગ્ય છે. એક તો એ છે કે મનુષ્ય જીવન અન્ન, વસ્ત્ર વિગેરેની ચિંતા માટે નથી, બલ્કે અન્ન, વસ્ત્ર આદિની ચિંતા જીવન-રક્ષણ માટે છે. કેવળ અન્ન, વસ્ત્ર આદિની ચિંતામાંજ આપણો સમય વીતાવી દેવો તે જીવનનો ઘણોજ કનિષ્ટ આદર્શ છે, મનુષ્યનું જીવન વાસ્તવિક રીતે નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે, સંસારનો જ્ઞાન-ભંડાર વધારવા માટે અને માનવ-જાતિનું કલ્યાણ કરવા માટે છે. એક વિદ્વાન મહાશયનું કથન છે કે જીવન કેવળ વ્યતીત કરવા માટે નહિ, પરંતુ શ્રેષ્ઠ બનાવવા માટે છે અને આપણું જીવન ત્યારેજ શ્રેષ્ઠ બન્યું કહેવાય કે જ્યારે આપણાથી બીજાને લાભ થાય. બીજાને લાભ કરવા માટેજ આપણે આપણો ઉત્કર્ષ સાધવાની પરમ આવશ્યકતા છે. સંસારમાં લાખો કરોડો મનુષ્ય જન્મે છે અને મરે છે, પરંતુ જીવન એજ મનુષ્યનું શ્રેષ્ઠ ગણાય કે જેનાથી પોતાની જાતિ, દેશ અને સમસ્ત સંસારનું કંઈપણ કલ્યાણ થયું હોય. એવા લોકોનું જીવન આપણે તપાસશું તો આપણને એ ઘણુંજ ઉન્નત અને ઉત્કૃષ્ટ જણાશે. એ પ્રકારની ઉન્નતિ અને ઉત્કર્ષ આપો આપ નથી થતા, એને માટે તો દરેક મનુષ્યે મહાભારત પ્રયત્નો કરવાની જરૂર છે. આ સંબંધમાં બીજી વાત એ છે કે આત્મોત્કર્ષની સિદ્ધિ કદિ પણ વ્યર્થ નથી જતી. જે મનુષ્ય હમેશાં પોતાની ઉન્નતિ કરે છે તેને આગળ ઉપર આર્થિક લાભ તેમજ આત્મિક સંતોષ થાય છે. જે મનુષ્ય પોતાની યુવાવસ્થા સુધીમાં પ્રાપ્ત કરેલાં થોડા ઘણા શિક્ષણને યથેષ્ટ માની લે છે અને ભવિષ્યમાં પોતાનું જ્ઞાન વધારવાનો પ્રયત્ન ન કરતાં કેવળ ઉદરપોષણની ચિંતામાં લાગી જાય છે તેને કદિપણ વિશેષ આર્થિક લાભ થતો નથી તેમજ આત્મિક શાંતિ .અથવા માનસિક સંતોષ નથી થતો; પરંતુ જે મનુષ્ય હમેશાં પોતાનાં જ્ઞાનની વૃદ્ધિ કરતો હશે, પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક ઘટનામાંથી કાંઇને કાંઇ બોધ ગ્રહણ કરતો હશે તેને આગળ ઉપર આર્થિક લાભ પણ થાય છે અને બીજાનું કલ્યાણ પણ કરી શકે છે. તેના આત્માને તેના પરિણામરૂપ જે શાંતિ અને સંતોષ થાય છે તે તો જુદું. —ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીર વાક્યો.

૧ કામ ભોગમાં આસકત મનુષ્યોને સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શન મળતું નથી અને ‘ યેન કેન પ્રકારેણુ ’ થી તેમનો ઉત્કર્ષ થતો નથી.

૨ મોક્ષ પ્રાપ્ત કરવાના ત્રણ ઉપાય.

૧ સમ્યક્ જ્ઞાન—વસ્તુને ઓળખવી.

૨ સમ્યક્ દર્શન—વસ્તુને વસ્તુ તરિકે માનવી.

૩ સમ્યક્ ચારિત્ર—વસ્તુને ઓળખીને માનીને અમલમાં મેલવું.

૩ પ્રથમ દેવલોકથી સિદ્ધશીલ્લા સુધી ધર્માસ્તિકાયની અપેક્ષાએ વર્ણ નથી અને પુદ્ગલની અપેક્ષાએ વર્ણ છે.

૪ આત્મા અઢાર-દ્રવ્ય દિશા અને અઢાર ભાવ દિશા એ દિશાઓમાંથી પોતે કઇ દિશામાંથી આવ્યો અને કઈ દિશામાં જશે ? તે ગતિ આગતિ કેવી રીતે કોની પાસેથી જાણી શકે તે—

૧ પ્રભુ પાસેથી—કયાંથી આવ્યો અને કયાં જવાનું જાણે ! જેમકે ગૌતમે પૃછા કરી જાણ્યું.

૨ છદ્મસ્થ અવસ્થાના ધણી પાસેથી જાણે.

૩ સ્વયં પોતાની મેળે જાણે–મૃગા પુત્રવત્.

૫ સોનું અને માટી મીશ્રરૂપે દેખાય, કિન્તુ પૃથક્કરણુ કરતાં સોનું અને માટી વિભકત દેખાય છે તેમ આત્મા અને કર્મ જુદા જુદા છે ભીન્ન નહીં દેખાવાનું કારણ કર્મે આત્માને દબાવ્યો છે.

૬ આયુષ્યના વિષયમાં:—

૧ નોપ કર્મી–દેવતાને, જુગલીઆને અને નારકીને કહ્યા છે.

૨ સોપકર્મી–મનુષ્ય અને તિર્યંચને કહ્યા છે.

અ કોઇકને આયુષ્યના ત્રીજા ભાગે આયુષ્યનો બંધ પડે છે.

બ કોઇકને આયુષ્ય પુરૂં થવાના છમહીના પહેલાં બંધાય છે.

ક કોઇકને આયુષ્ય પુરૂ થવાના અંતર્મુહૂર્ત પહેલાં બંધાય છે.

૭ ભૃગુપુરોહિતના બે દિકરાઓએ પોતાના પિતા સમક્ષ ચારિત્ર લેવાની ભાવના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજુ કરી. પિતા કહે છે હે પુત્રો ! વર્તમાનમાં તમારી યુવાની છે માટે સાંસારિક સુખો ભોગવો–વૃદ્ધા વસ્થામાં સુખેથી ચારિત્ર લેજો. જવાબમાં પુત્રો કહે છે કે હે પિતાજી જેને મૃત્યુ સાથે મૈત્રીભાવ છે તેજ આ દુઃખના દાવાનલથી વ્યાપ્ત સંસારમાં બેસી રહે. મૃત્યુ ક્યારે કયા સંજોગોમાં કઇ અવસ્થામાં આવશે તેનો કંઇ નિશ્ચય નથી માટે સંસારમાં અમારે ટકી રહેવું મુદ્દલ શ્રેયકસ્ર નથી.

૮ શ્રી સુધર્માસ્વામી જંબુસ્વામી પ્રત્યે કહે છે કે:—

હે જંબુ ! લોક આર્ત્ત અને જીર્ણથી પીડાએલો છે.

આર્ત—વિષયના વિપાકથી પીડાએલા જેમ ઝેરી બીજથી ઝેરી ઝાડ થાય છે તેમ વિષયમાં તીવ્ર આકાંક્ષા અને તે માટે ભોગવવું પડતું દુઃખ–તે વખતે જીવો આર્ત કરે છે.

જીર્ણ—જુનો, દુઃખથી ટેવાએલોજ તેનામાં ઉપશમભાવ, ક્ષાયિક ભાવ અને ક્ષયોપશમ ભાવ વિગેરેનો અભાવ હોય છે. કેવલ મિથ્યા દ્રષ્ટિનો ઉદય રહેલો છે. ક્ષયોપશમ કરી દુઃખના હેતુને નષ્ટ કરવો તે પણ ભુલી ગયો છે તેથી હે જંબુ ? તે લોકો કેવા થઇ ગયા છે ? **दुसंबोहि** અર્થાત દુર્લભબોધી થઇ ગયા છે. ચિત્રમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તીને ઘણા ઘણા પ્રકારે સમજાવ્યા છતાં સમજ્યા નહિ તેમ લોક દુઃખના ઉદયવાળો, ભાન ભુલેલો અને દુર્લભબોધી થઇ ગયો છે.

૯ જગત્ કસ્તુરીઆ મૃગ માફક સ્વભાવ ભુલી અથડાય છે. કસ્તુરીઓ મૃગ પોતાની પાસે કસ્તુરી હોવા છતાં કસ્તુરી લેવાની ખાતર અટવીઓમાં આમતેમ વ્યર્થ દોડાદોડ કરે છે. તેમ જગત્ ભરનાં મનુષ્યો સત્ય અને શાશ્વત સુખો પોતાનામાંજ સમાએલાં હોવા છતાં મૃગજળવત્ પરાયા પાસેથી સુખો મેળવવા પ્રયત્ન કરે છે.

૧૦ પાંચ પ્રકારનાં અધર્મો અનંતા કાલના અને શાશ્વતા છે. તે હીંસા, જુઠું, ચોરી, મૈથુન અને પરિગ્રહ.

૧૧ વીતરાગ વાણી સાંભળવા માટે અસંખ્ય યોજનથી દેવો અસંખ્ય ભોગ વિલાસને છોડી નીચે આવે છે; છતાં મનુષ્યોને પ્રમાદ આવે છે.

૧૨ સમ્યકત્વ વિનાની ક્રિયા, અનુષ્ટાનો નિર્જરાભૂત હોતા નથી. તામલી તાપસે ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યો. આખર સ્થિતિએ પ્રભુએ તેને બાલ તપસ્વી કહ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ આરંભથી દયાનો નાશ છે, સ્ત્રીથી બ્રહ્મચર્યનો નાશ છે. શંકાથી સમકિતનો નાશ છે અને અર્થના ગ્રહણથી સંયમનો નાશ છે.

૧૪ કીડીઓની અનુકંપા લાવી ધર્મરૂચી અણગારે કટુ તુંબડાનું પાન કર્યું. સર્વ જીવો ઉપર અનુકંપા રાખવી તે સમ્યકત્વ આત્માનો પ્રધાન હેતુ છે. જીવોને બચાવવાનો તમે જેટલા અંશે પ્રયત્ન કરો છો તેટલા અંશે તમારોજ બચાવ થાય છે.

૧૫ પ્રથમ ગુણસ્થાનકે અનંતાનુબંધી ક્રોધ છે. તે ક્રોધની પ્રાબલ્યતા પર્વત ફાટ્યા સમાન છે. તેથી તેની સ્થિતિ ઘણી મોટી છે. તે ક્રોધ અનંત સંસાર વધારનાર છે. આત્માને તે–ક્રોધ ઉદયમાં છે. તેના ઉદયે ક્ષયોપશમ કરવાથી આત્મા ચતુર્થ ગુણસ્થાનક સુધી આવે છે. ત્યાંથી ક્રોધ, માન, માયા અને લોભને પાતળા પાડતો પાડતો દશમા ગુણસ્થાનક સુધી આવે છે ત્યારે દર્શનની વિશુદ્ધિ કરે છે.

૧૬ જ્ઞાન આપવા જેવું એકે ઉત્તમ દાન નથી, જૈન ધર્મની ઉન્નતિ કરવી તેના જેવું વાત્સલ્યપણું બીજું એકે નથી.

૧૭ ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે. માયાથી મીત્રતાનો નાશ થાય છે અને લોભથી સર્વ ગુણનો નાશ થાય છે.

૧૮ હે પ્રમાદી ! તારૂં જીવતર અસંસ્કૃતિથી ભરેલું છે. ઘોર ભયંકર કાળ તારા પર ગર્જી રહ્યો છે. શરીર નિર્બળ થતું જાય છે, જરા અવસ્થાનાં ચિન્હ જણાય છે; છતાં હજુ કેમ ચેતતો નથી ?

૧૯ તંદૂલીયો મચ્છ મગરના નાકમાં બેસી મગર માછલાંને નિરાબાદ જવા દે છે તે બદલ મગરની મૂર્ખાઇનો વિચાર કરે છે કે જો હું મગર હોત તો એક પણ માછલાંને બહાર જવા દેત નહિં. તેવા અશુભ વિચારોના પરિણામે સાતમી નરકે જાય છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ અશુભ વિચારોથી સાતમી નરકનું આયુષ્ય અને શુભ વિચારોના પરિણામે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરે છે. જગતના જીવો મોહમય વાતાવરણમાં મનરૂપી અશ્વને નિરંકુશ વિહરવા દે છે પણ તેથી કેટલી નીચ ગતિને પ્રાપ્ત થાય છે ? મનનાં પરિણામો નિરંતર શુભ રાખવા જોઇએ.

૨૦ "આણાઓ ધમ્મો" આજ્ઞામાંજ ધર્મ છે. આજ્ઞા વિના સુકુમાલિકાએ તપ કર્યો. પરિણામે સંયમથી ભ્રષ્ટ થઇ નિયાણું બાંધવાનો પ્રસંગ આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧ ક્રોડ કલ્યાણની કરવાવાળી, દુર્ગતિને નષ્ટ કરવાવાળી અને સંસારથી તારનારી સર્વોત્તમા ' જીવદયા ' જ છે.

૨૨ પ્રભુએ નિયાણું નહિ કરવા ફરમાવ્યું છે. નિયાણું કરનારને મૂલ કરતાં ઓછું માગે ત્યારે આર્થીક સુખો મલે છે. નિયાણું નહિ કરનારને આત્મિક સુખો સાથે આર્થીક સુખો મલે છે.

નિયાણાના ૨ પ્રકાર.

૧ દ્રવ્ય નિયાણું, ૨ ભવ નિયાણું

૧ દ્રવ્ય નિયાણું=અમુક પદાર્થ મેળવાનું નિયાણું.

૨ ભવ નિયાણું=અમુક પદવીનું નિયાણું.

અ પદાર્થનું નિયાણું કરે તો, તે પદાર્થ બીજા ભવમાં મળ્યા પછી પ્રભુ માર્ગને પકડી શકે.

બ ભવ નિયાણું કરે તો, ચક્રવર્તી, વાસુદેવની પદવી મલે, તે છેક છેડા સુધી પ્રભુ માર્ગને પકડી શકે નહિ. બ્રહ્મદત્ત ચક્રવર્તીપણું નિયાણાથી પામ્યો. ચિત્ત મુનિએ ઘણોજ ઉપદેશ આપ્યો ત્યારે કહ્યું કે " બન્ને બાજુના કાંઠા દેખાવા છતાં કાદવમાં ખુંચી રહ્યો છું. "

૨૩ જે લોકો કર્મ કેટલા પ્રકારે બંધાય, ભોગવાય તથા તેની પ્રકૃતિઓને જાણતા નથી તે લોકો સંસારના, ગર્ભના તેમજ મૃત્યુના પારગામી થઇ શકતા નથી.

૨૪ રડવા કુટવાથી અને ઝુરણા કરવા–કરાવવાથી ચીકણા અશાતાનાં કર્મો બંધાય છે જે ભોગવતી વખતે આત્માને પુષ્કળ આર્ત કરવું પડે છે.

૨૫ મૃગાપુત્ર પોતાની જનેતાને કહે છે કે હે માતા ! ભોગથી આ શરીરમાં અનેક રોગો ઉપસી આવે છે તેથી શરીર દુ:ખને પામે છે અને જ્યારે શરીર દુ:ખને પામે છે ત્યારે માનસિક દુ:ખો પણ ઉત્પન્ન થાય છે. તેથી આ સંસાર નર્યો દુ:ખમય હોઇ મ્હને વીતરાગનું શરણું ઉત્તમ લાગે છે.

૨૬ દીપક અને જ્યોત બન્ને સંયુક્ત છે તેમ આત્મા અને દર્શન વિભક્ત નથી.

૨૭ ગૌતમ ગણધર શ્રી વીરને પૂછે છે.

૧ હે પ્રભુ ! આત્માને ધર્મની શ્રદ્ધા થવાથી શો લાભ ?

હે ગૌતમ ! જે આત્મા ધર્મની શ્રદ્ધાને મેળવે છે તે આત્મા શરીરના જે સુખો છે તેથી વિરકતીપણાને પામતાં ક્રમશ: આગળ વધતાં સાગાર ધર્મ છોડી અણગાર ધર્મ અંગીકાર કરે; તદુપરાંત છેદન, ભેદન વી૦ યાતનાઓ સહન કરવી ન પડે અને અચળ સુખનું ધામ મોક્ષપુરીમાં પહોંચે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ હે પ્રભુ ! આત્માને સૂત્ર સાંભળવાથી શો લાભ ?
હે ગૌતમ ! સૂત્ર સાંભળવાથી અજ્ઞાનનો નાશ થઈ જ્ઞાનરૂપ ઉજ્વલતા પ્રાપ્ત થાય છે અને સૂત્ર સાંભળવું તે પણ અતિ ભાગ્યનો વિષય છે.

**ઘેલાભાઈ પ્રાણુલાલ શાહ.**—કલોલ.

# આત્મિક મુદ્રાલેખ !

૧ અનંત શક્તિમાન આત્મા જે પદ પ્રાપ્ત કરવા માટે ઉપસ્થીત થએલ છે તેજ માર્ગને યથાતત્વરૂપે ગ્રહ.
૨ ગાડર સમૂહમાં સ્વસ્વરૂપ છીપાવી ગાડર બનતો અટક.
૩ હાસ્ય તથા કુતુહલાદિનો સ્વપ્ને પણ પરીચય કરીશ નહિ.
૪ માનાદિ પ્રસંગમાં લેશમાત્ર શોભાયમાન થા મા.
૫ ૧૪ રત્નનું યથાતથ્યરૂપે પાલન કર.
૬ પુદ્ગલિક પરીચયનો પ્રપંચ ત્યાગ.
૭ પૂર્વકાલ પરીચિત માંહેનો પરીચય કંઇ ધર્મધ્યાન શુકલધ્યાનની વૃદ્ધિરૂપ તો નથીજ.
૮ એકાંત ગુપ્ત જીવન બનાવ. બાહ્ય, જડ, અંતર ચૈતન્ય દશાવાળું બનાવ.
૯ મન, વચન, અને કાયાના પરિણામ સમયે સમયે શુભ રાખ અને આત્મ-ધર્મમાં આગળ વધ.
૧૦ કાર્ય કારણુ સિવાય અ૦સં. વાયુકાયના જીવોથી હીંસા બાંધતાં અટક “ કડાણ કમ્માણ ન મોખ અત્થિ. ”
૧૧ સમયે સમયે હંસવત્ ઉચ્ચ વસ્તુ ગ્રહ—અધમને પદે પદે ત્યાગ.
૧૨ શ્રી મહાવીરના કાનમાં ખીલા ઠોકયા છતાં સમભાવ, નમીરાજને ઈંદ્રે નમસ્કાર કરવા છતાં સમભાવ. હરિકેશીને પિશાચ ભૂત કહેવા છતાં સમભાવ તો તું તેમનો અનુયાયી હોઈ તેવું વર્તન રાખે તેમાં કંઇ વિશેષતા નથી.
૧૩ માનપ્રતિ સુખાનુભવ કરીશ તો અપમાન પ્રત્યે દુઃખાનુભવ થશે માટે માન પ્રસંગે વિચાર કે અમુક વ્યકિત કંઇક બોલે છે તે શબ્દો મહાન્ વીર પુરૂષને શોભે તેવા છે. તે ઉપર તું કંઇ લક્ષ આપ નહિ. શબ્દો પુદ્ગલ છે. તેને કાનમાં પડવાનો સ્વભાવ છે—તારા ધર્મમાં શબ્દ પ્રત્યે મમત્વભાવ તે પણ પરિગ્રહ છે. તે પરિગ્રહને ત્યાગ. અનંત વખત દ્રવ્ય પરિગ્રહ ત્યાગ્યો અને હવે ભાવ પરિગ્રહ ત્યાગીશ ત્યારેજ સત્ય સ્વરૂપમાં આવીશ. સંપૂર્ણ.

**ઘેલાભાઇ પ્રાણુલાલ શાહ**—કલોલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " જૈન બેન્ક-તેની આવશ્યકતા અને શકયતા "

( લેખક–મણિલાલ માણેકચંદ મહુવાવાલા. )

એક વખત ઉપર જો કોઇ કોમ શરાફી, વ્યાપાર અને ઉદ્યોગમાં નિપુણ, આદર્શ અને અનુકરણીય હોય તો તે જૈનનીજ હતી. તે સર્વ પ્રવૃત્તિ અને પ્રયાસમાં શૂરી અને પુરી–એમ કહીએ તો કશી અતિશયોક્તિ છેજ નહિ. તે ઉપરોક્ત ધંધાથી પોતાની અને અન્ય કોમની પ્રજાને આજીવિકા અર્પી પોષતી, નિભાવતી અને સુધારી ઉન્નત કરતી. આ આર્યાવર્ત્તની આર્ય સંસ્કૃતિનું ગૌરવ તે દ્વારા વધારતી. ટકાવી રાખવા તન મન અને ધન સમર્પતી અને ઉન્નતિક્ષેત્રમાં ઝડપથી કુચ કરતી. તે સમૃદ્ધવાન હોવાથી પ્રગતિવર્ધક પ્રવૃત્તિમાં ઉચ્ચ સ્થાન ભોગવ્યાનું માન લેતી. આ બધુએ ચણતર શરાફી યા નાણાં લેવડ દેવડના પાયા ઉપર અસ્તિ ધરાવતું.

પણ અત્યારે તેનાં પરિવર્તન અને પરિસ્થિતિ કેવાં ભયંકર અને ખેદજનક શ્રવણ અને દ્રષ્ટિગોચર થાય છે તે સમજવા જેવું છે. હાલમાં તેની પાસે અઢળક ધનના ઢગલા અવ્યવસ્થિત અને અણરોકાએલ સ્થિતિમાં પડ્યા છે. તે દ્રવ્યના બે વિભાગ કરી શકાય. ખાનગી અને સખાવતી. સખાવતના પણ અનેક પ્રકાર છે. વ્યક્તિગત; ખાનગી અને સખાવતી નાણું એકઠું કરીએ તો બેશુમાર થઇ શકશે. અત્યારે સહુ કોઇને તેની સખત ભીડ છે. હાડમારી છે અને તેને અંગે ભરપટ્ટે વ્યાજ યાહુદી ( Jew ) માફક ભરાય છે. તે અનેક રીતે ધીરી અને રોકી શકાય છે, પણ કેટલીક રીતમાં જોખમ ખેડવાની ધાસ્તી વહોરવી પડે છે. હાલમાં જો આપણું બેહદ દ્રવ્ય ધીરવાને રોકવામાં આવ્યું હોય તો તે મોટી થાપણમાં ખાનગી ગૃહસ્થોને ત્યાં, અન્ય દેશી પરદેશી ખાનગી પેઢી, બેન્ક, કંપની અને સરકારી કાગળીઆમાં–અને તેમાં પણ બેન્કમાં બહુ ઓછું જ, તેનુ સબળ કારણ તે પ્રત્યે અવિશ્વાસજ છે. વળી સર્વને વિદિત હશે કે સૌના આચાર વિચાર અને સ્થિતિ કુદરતી નિયમાનુસાર બદલાયજ જાય છે. તેથી ખાનગી ગૃહસ્થોને ત્યાં ખાસ કરીને સખાવતી દ્રવ્યની મોટી થાપણ જમે કરાવવી એ જોખમ ખેડવા જેવું છે. અને પોતાનાજ પગ ઉપર કુહાડો મારવા જેવું બને છે. અત્યારે સમાજની સ્થિતિ છિન્નભિન્ન છે, અને પ્રમાણિકતા ને સત્ય કંઇક અંશે અલોપ થઇ ગયાના ભણકારા વાગી રહ્યા છે. વિશેષમાં આવી જમે કરાએલી મોટી રકમની થાપણ ઉચાપત કર્યા, નાદારી સ્વિકાર્યા અને ખુવાર થયાના અનેક દ્રષ્ટાંત અનેક સ્થળે અનેક જડી આવશે. આ ઉપરથીજ ખાત્રી થશે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી વાર બહુ વ્યાજ ખાવાની લાલચમાં ઘણાને ખુવાર થવું પડયું છે અને પડે છે. વળી અન્ય રીતે તે રોકવામાં આવે છે અને તે સોના ચાંદીના અવેજ ઉપર, સ્થાવર જંગમ મિલ્કત ઉપર, શેર, ડીબેન્ચર, બોન્ડ અને સીકયુરીટીમાં પણ આ પંથ સરળ અને સહીસલામત નથી, કારણકે ભાવ હમેશાં એકસરખા રહેતા નથી અને જ્યારે એક બીજાને નાંણાની સખત ભીડ પડે છે ત્યારે સ્થિતિ કફોડી બની જાય છે. ન છુટકે વેચી દેવાની ફરજ પડે છે અને તેથી રોકેલી રકમ પણ સરભર થઈ શક્તી નથી. પણ જો નાની રકમો વિધવિધ કંપનીના શેર, ડીબેન્ચર અને સરકારી બોન્ડ અને સીકયુરીટીમાં રોકવામાં આવે તો તે પરવડે તેમ છે, અને તેમાં બહુ જોખમ ખેડવાની ધાસ્તી રહેતી નથી, કારણકે માગણી નાની રકમનીજ હોય છે અને થાય છે. પણ તે કરતાં જો બેન્કમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા હોય અને તેની વ્યવસ્થા તેનીજ દ્વારા થાય તો તે અત્યુત્તમ છે, કારણકે તેમાં તે સહીસલામત રોકી શકાય છે અને વ્યાજ યોગ્યજ લેવાય છે અને દેવાય છે. વિશેષમાં તેને ૧૯૧૩ ના ઇન્ડીઅન કંપની એકટ પ્રમાણે રજીસ્ટર્ડ કરવામાં આવે છે અને તેમાં ઓછામાં ઓછા સાત સભ્ય હોય છેજ. વળી માણસનો સમુદાય જેમ બહોળો અને મોટો તેમ નાણાંની ધીરધારમાં ભય પણ ઓછો. આ ઉપરથી સિદ્ધ થાય છે કે બેન્કમાં તેની લેવડ દેવડ ધાસ્તી વિનાની હોય છે, કેમકે વ્યકિતગત નાણાં ધીરવાનો તેમાં સ્વાલ રહેતોજ નથી.

આ ઉપરથી સમજાયું હશે કે બેન્ક એ નાણાંની ધીરધાર કરવા, વ્યાપાર અને ઉદ્યોગના વિકાસ અને કોમની ઉન્નતિ અર્થે સહિસલામત ઉત્તમ સ્થાન અને સાધન છે. જ્યારે ' Banking is the baromiter of civilization ' એ કહેવત જગજાહેર અને સત્ય છે ત્યારે આવા વિકટ સંયોગોમાં એક ગંજાવર જૈન બેન્ક અને કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની માફક તેની ઠામોઠામ શાખાઓની ખાસ આવશકયતા છે. અત્યારે જો કોઇપણ બેન્ક અસ્તિ ધરાવતી હોય તો તે રાજનગરની નાનામાં નાની ' ધી જૈન બેન્ક—લીમીટેડ ! તે માટે શેઠ હિરાલાલ અંબાલાલ અન્ય ઉત્પાદકો અને સંચાલકોને અભિનંદન ઘટે છે. આ સિવાય મારી માન્યતા મુજબ અન્ય જૈન બેન્ક ભાગ્યેજ હશે ! જ્યારે આપણો શરાફી ધંધો પર હાથ જાય, નાણાંનો દુર્વ્યય થાય, ગમે ત્યાં રોકાય, અને ખુવાર થવાય ત્યારે એક જૈન બેન્ક ન સ્થપાય એ કેવું હાંસીપાત્ર અને શરમાવનાર છે ? જ્યારે બેન્કમાં નાણાંનું રોકાણ સહિસલામત અને નિશ્ચિંત હોય છે ત્યારે તે હાલમાં જે અન્ય પરદેશી ખાનગી ગૃહસ્થની પેઢી અને બેન્કમાં રોકાય એ કેટલું ભયંકર કહેવાય ? જ્યારે આપણા સ્વધર્મી જૈન બંધુ આવા બેકારીના વિષમ પ્રસંગે નિરૂદ્યમી ને નિરૂત્સાહી થઇ હેરાન થાય ત્યારે તે દ્વારા અન્ય કોમની પ્રજાને શામાટે પોષવી ? ( કોમ અભિમાન તો હોવુંજ જોઈએ ને. ) આ પ્રસંગે મારે સુચવવું પડે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે પોતાની બેન્ક ન હોય ત્યારે અન્ય બેન્કમાં દ્રવ્યનું રોકાણ વધુ પસંદ કરવું પડશે, કારણકે ' ન મામા કરતાં કાણા મામા સારા. ' પણ આપણી પોતાની બેન્ક કેમ ન સ્થપાય ? તે માટે સત્વર પ્રયાસ કેમ ન યોજાય ? આ સર્વે પ્રશ્ન વિચારવા યોગ્ય છે. આપણી તથા દેશની ઉન્નતિ અને ઉત્તેજન આ સર્વ ગંભીર પ્રશ્નના ઉકેલમાંજ સમાએલ છે, અને જો તેનો ઉકેલ તાકીદે થઈ જશે તો ભાવિ ઉજ્જવળ છે તેમ મનાશેજ. વળી જૈન બેન્ક ખોલવાથી અનેક ફાયદા છે તે વાંચક વર્ગ તેના ઉપર ગંભીરતાથી વિચારશે તો દીવા જેવા પ્રગટ થશે.

આપણી પાસે સર્વ સાધન છે અને જો ન્યુનતા હશે તો તે દૂર કરી શકાશે પણ બેન્ક સ્થાપવા માટે ખંત, ચીવટ, ઉત્સાહ, સહકાર, વિશ્વાસ, વ્યવસ્થા, દીર્ઘ દ્રષ્ટિ અને આ નવયુગનું નવચેતન ખાસ આવશ્યક છે. હાલમાં તેનોજ અભાવ છે. હું ચોક્કસ માનું છું કે જો તે સત્વર દૂર કરાશે તોજ અન્ય કોમ કે જે ઉન્નતિક્ષેત્રમાં આગળ ધપી રહી છે તેને પાછી હઠાવી શકાશે પણ જ્યાં સુધી તેનો ત્યાગ ન થાય ત્યાં સુધી પાણીમાં બાચકા ભરવા જેવું થશે. માટે તે સર્વ ગુણ કે જે સર્વ કાર્ય સાધવામાં સહાયભુત છે તેને જગવવા, કેળવવા અને પરિપકવ કરવા ખાસ વિજ્ઞપ્તિ છે—ભલામણ છે.

આ વીસમી સદીમાં બેન્કીંગ યા શરાફી અનેકો–ઓપરેટીવ પદ્ધતિ મહાન ગંભીર વિષય છે. વ્યાપાર અને ઉદ્યોગની ખીલાવટ તેનેજ આભારી છે, કારણ કે આ કાર્યમાં નાણાંની પ્રથમ જરૂર પડે છે. ટુંકમાં નાણાં સિવાય કંઇ નિપજતું જ નથી. આપણી પાસે નાણું છે અને જો એક ગંજાવર જૈન બેન્ક ૧૯૧૩ ના ઇન્ડીઅન કંપની એકટ મુજબ રજીષ્ટર્ડ થાય અને તેની શાખાઓ ભિન્નભિન્ન સ્થળે ખોલવામાં આવે તો બેહદ લાભ થવા સંભવ છે. વળી નાણાંની ધીરધાર સરળતાથી થશે, વ્યાજ કાયદેસર યોગ્ય લેવાશે, કરકસર થશે, જૈન બંધુ ઉદ્યોગે ચઢશે, બેકારીની હૃદયભેદક ગુંચ કંઇક ઢીલી પડશે, સ્વાર્થ સાથે પરમાર્થ સધાશે, બીક નષ્ટ થશે અને સર્વ પ્રવૃત્તિમાં પ્રોત્સાહન મળશે. સહકાર, વ્યવસ્થા, વિશ્વાસ અને દીર્ઘદ્રષ્ટિ ઉત્પન્ન થઇ કેળવાશે કે તેની સાથે ઉદ્ધારને દાદર જવાશે, કદાચ આ પ્રસંગે કોઈ પ્રશ્ન ઉઠાવશે કે તેની વ્યવસ્થા માટે તેનું ખાસ અંગત જ્ઞાન ધરાવતા નિપુણ ઉત્પાદકો, કાર્યવાહકો અને અન્ય વહિવટદારો કયાંથી મળી શકશે ? તો તેના જવાબમાં માત્ર એટલુંજ સુચવવું પડશે કે કેળવાએલ, અનુભવી, વ્યાપારી શ્રીમંત વર્ગ અને વિશેષમાં મુમ્બાપુરીની સીડનહામ કોલેજ ઑફ કૉમર્સ એન્ડ ઇકૉનૉમીકસ'ના ' બી કૉમ ગ્રેજ્યુએટો ' કે જે અન્ય કૉલેજના ગ્રેજ્યુએટો કરતાં ઉત્તમ અને અપ–ટુ–ડેટ જ્ઞાનવાળા લેખાય છે અને છે તે આ બીડું ઝડપી શકશે.

ટુંકમાં અન્ય કોમને બેન્ક છે, આપણે નથી. સંજોગો પ્રતિકુળ અને સર્વસાધન હોવાથી તે આવશ્યક છે અને શકય છે અને તે માટે અનુભવી કેળવાએલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમંત વર્ગ પ્રત્યે મારૂં નમ્ર નિવેદન છે કે તેઓ સર્વ સાવધાન થઇ આપણું અણુ રોકાએલ, અવ્યવસ્થિત અને ઉચાપત થતું ઉપરોકત બેહદ દ્રવ્ય સહિસલામત રોકવા એક ગંજાવર જૈન બેન્કની ખાસ આવશ્યકતા અને શકયતા જોઇ અને તે વિષય ઉપર સંપૂર્ણ વિચાર કરી તેને અમલમાં મુકવા તનતોડ જેહેમત ઉઠાવશે. વિશેષમ હું આશા રાખું છું કે જૈન સમાજ જાગશે, બેન્ક બેન્ક પોકારશે અને બેન્કો ખોલી તેનો અચૂક લાભ લેશે, આ પ્રગતિ–યુગમાં પોતાનું શિર ઝુકાવી સર્વ પ્રવૃત્તિ અને પ્રયાસમાં શૂરી–પૂરી બનશે અને પોતાના ટપકી જતા ગૌરવનું સંરક્ષણ કરી આર્યસંસ્કૃતિને શોભાવશે. અસ્તુ ! ! !

## આત્માને.

### [ હરિગીત. ]

આવી અને જાવું વળી, એ જગતનો વ્યવહાર છે,
જન્મ સાથે મર્ણ નક્કી, સૃષ્ટિનો નિત્ય ક્રમ છે.
તેવા હિસાબે મર્ણ ત્હારૂં, થાય એ છે કલ્પના ?
જઇશ ખાલી અગર બાંધી, એ વિષય સમજાય ના ? ૧

જ્યાં સુધી તેં કાર્ય તારૂં, સમજ પૂર્વક ના કર્યું,
તુજ ચિત્ત કેરી ચપળતાને, ગુરૂ ચરણમાં નવ ધર્યું,
જ્યાં સુધી વિતરાગ ભાવો, તુજ હૃદયમાં છે નહિ,
ત્યાં સુધી શિવ સુખની, આશા હૃદયે રાખીશ નહિ. ૨

આર્ય ક્ષેત્ર કુળ ઉત્તમ, શરીર સુંદર શોભતું
વિતરાગની વાણી મળી, પ્રમાદ કયેમ કરેજ તું ?
સર્વ વસ્તુ સાથ પામ્યો, એક ના બાકી રહી,
તેનો કરીશ ઉપયોગ તો, ભવમેલ તું ટાળીશ સહી. ૩

આજ દિન પર્યંત જન્મો, મર્ણ સાથે તેં કર્યાં,
કાટ કોટી સગાઇ કીધી, ઝેર વેર ઝઘડા કર્યાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂષમ આરો પંચમો, લવલેશ સુખ પામીશ નહિ,
પણ " **વીર** " કેરા વાકયથી, દિવ્ય શાંતિ તું પાઇશ ખરી ૪

રે આત્મનો ! રે આત્મનો ! !, દૂષ પ્રાપ્ય અવસર ઓળખો,
ફરી ફરી મનુભવ નહિ મલે, એ લેશ તો લક્ષે લહો.

શુદ્ધ સંયમ, સત્ય, શિયળ, જ્ઞાન, વિનયથી આવશે,
સંત ભકિત જીવદયા, ભવસાગરેથી તારશે. ૫

લેખક---**ઘેલાભાઇ પ્રાણલાલ શાહ. કલોલ.**

## પ્રકીર્ણ.

હાલમાં પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે અશાડ શુદ ૧૪ ઉપર ટેક્સ લીધા સિવાય અપવાદ રૂલ લાગુ કરી જૈન કોમ માટે યાત્રા કરવાની છુટની એક જાહેર ખબર પ્રકટ કરી છે, જો કે હજી આપણે કરેલી વાયસરોય સાહેબ પાસેની અપીલનો ચુકાદો થયો નથી, તેમજ આ છુટ પણ આપણા હક્કોને બાજુ ઉપર રાખી કરેલ હોવાથી જૈન કોમ પોતાનું સ્વમાન સચવાતું હોય તેમ માનતી નથી. તેથી શેઠ શ્રી આણંદજી કલ્યાણજી તરફથી તે બાબત માટે મળેલ સુચના મુજબ અત્રેનો શ્રી સંઘ તા. ૮-૭-૨૭ ના રોજ મળ્યો હતો તેમાં તે માટે નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

### ઠરાવ.

શ્રી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે થોડા દિવસ યાત્રા ખુલી કરવાનું જાહેર નામું બહાર પાડયું છે, પણ જ્યાં સુધી આપણા હકનું માન ભરી રીતે નિરાકરણ ન થાય ત્યાંસુધી યાત્રાએ જવું તે કોઈ રીતે વ્યાજબી નથી એમ આ સંઘ ઠરાવે છે. "

ઉપર પ્રમાણે ઠરાવ કરેલ છે તેથી આગલા ઠરાવને વળગી રહેવું તેજ આપણા સર્વનું કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ॥ કર્ણાટક દેશના વિકટ પ્રદેશમાં જૈન મુનિરાજોનું આગમન અને તેથી થતા અગણિત લાભો. ॥

પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન પ્રશિષ્ય **મુનિરાજ શ્રી રાજવિજયજી** મહારાજ, **મુનિશ્રી મિત્રવિજયજી તથા વસંતવિજયજી મહારાજ** એમ ત્રણુ મુનિરાજો ગત ચાતુર્માસ બાર્શી હતા. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ખરડા, કર્જત, અહમદનગર, રાહુરી વીગેરે સ્થળોમાં જીર્ણોદ્ધારાદિ કાર્યો કરાવતા અહમદનગર પધાર્યા. તે વખતે બીજાપુર શ્રી સંઘ તરફથી શ્રીમાન ધરમશીભાઇ હરજી તેમજ રા. રા. ધર્માત્મા છોગાલાલજી નગર આવી બીજાપુર શ્રી સંઘની–ચાતુર્માસ કરાવવાની પ્રાર્થના રજુ કરી, ઉપરોક્ત પૂજ્યપાદ મુનિરાજોએ જે માન્ય કરી. ત્યારબાદ ત્યાંથી તરતજ વિહાર કરી નગર, કર્જત, જેહુર, પંઢરપુર, મંગળવેડા ચટચણુ, આદી ગ્રામાનુગ્રામ વિહાર કરતા જેષ્ટ વદિ ત્રીજના દિવસે કર્ણાટકની રાજ્યધાની–બીજાપુરમાં પધાર્યા. અત્રે બીજાપુરમાં નિવાસ કરતા ભાવિક અને શ્રદ્ધાળુ પંચરંગી જૈન પ્રજાના શ્રી સંઘે જે સામૈયાનો ઉત્સાહ બતાવ્યો તે અવર્ણનીય હતો. અત્રેનો તમામ બજાર અને મોટા રસ્તાઓને ધજા પતાકા વિગેરે બાંધી શણગારવામાં આવી હતી, તેમજ સ્થળે. સ્થળે સ્ત્રી અને પુરૂષવર્ગ મુનિરાજોને કુંકૂમ, ચંદન, અક્ષત, પુષ્પ, ફળ, શ્રીફળ અને રૂપાનાણાથી વધાવી જૈન શાસનના જયઘોષ કરતા જૈનોએ બીજાપુરની મેદનીને મહાત કરી હતી, આ કર્ણાટક પ્રાંતમાં આ ત્યાગી મુનિઓનું પ્રથમજ આગમન હોવાથી અત્રેના બ્રાહ્મણો, લીંગાયત, ઇતર હીંદુ મુસલમીન બંધુઓ હજારોની સંખ્યામાં હાજર હતા. અત્રે નવીન જૈન મંદીરમાં દર્શન કરીને કાપ્પાજી બાજારમાં શેઠજી ગોવીંદજી વનાજીની નવીન બીલ્ડીંગમાં મુનિરાજો બિરાજમાન થયા છે. તે જગ્યામાં પધારતાં મુનિરાજ પૂજ્યપાદ શ્રીમાન **શ્રી રાજવિજયજી** મહારાજજીના મુખનો અમૃતમય ઊપદેશ શ્રવણુ કરી પ્રભાવના લઈ સંઘ વિસર્જન થયો હતો. હાલ સવારના ૮ થી ૯ાા નવસુધી વ્યાખ્યાન શરૂ છે. અને જૈન તથા જૈનેતર મનુષ્યો લાભ લે છે.

**બીજાપુર જૈન સંઘ.**

# ગ્રંથાવલોકન,

**શ્રી જૈનાચાર્ય બુદ્ધિસાગરજીસૂરીશ્વરજી સ્મારક ફંડ વીજાપુર**—નો સં. ૧૯૮૧ ના જેઠ વદી ૦)) થી સં. ૧૯૮૨ ના આશો વદી ૦)) સુધીનો રીપોર્ટ અમોને મળ્યો છે. ઉપરોક્ત ગુરૂવર્યના સ્મરણુ અને ભકિત નિમિતે તેઓશ્રીનો ગ્રંથ સમૂહ તે પ્રગટ થયા કરે અને ગુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજના અથાગ પ્રયત્ને વિજાપુરમાં અને વિદ્યમાન જ્ઞાન મંદિરનો વ્યવસ્થિત રીતે ઉપયોગ થાય તે માટે આ ફંડની યોજના માત્ર એક વર્ષથી કરવામાં આવી છે. ગુરૂ મંદિર બનાવતાં તૈયાર થયા પછી ગુરૂરાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરતાં વગેરે માટે જે આવક તથા ખર્ચ થયો તેનો હિસાબ આ રીપોર્ટમાં આપવામાં આવ્યો છે તે ચોખવટવાળો છે. ભવિષ્યમાં તેઓશ્રીએ સોંપેલ ગ્રંથ સમૃદ્ધિરૂપી વારસો સાચવી તેમાં વિશેષ વૃદ્ધિ થતાં જૈન સાહિત્યનો વિશેષ પ્રકારે લાભ જૈન સમાજને મળે તેમ ઇચ્છીએ છીએ.

---

**શ્રી લેડી વીલીંગડન અશક્તાશ્રમ અને અંતર્ગત ચાલતા દવાખાના સુરતનો સં. ૧૯૨૬ નો રીપોર્ટ** અમોને મળ્યો છે. કોઇ પણ મનુષ્ય કે જે અશકત ( લુલા લંગડા, આંધળા અને જેમનો નિર્વાહ કરનાર કોઇ ન હોય તેવા ) હોય તેવાઓને આશ્રય આપવાનું આ એક પરોપકારી સ્થાન હોવાથી આશ્રય આપવામાં આવે છે. અને ખોરાક, કપડા, દવા વગેરેથી તેઓનું પોષણ કાળજી પૂર્વક કરવામાં આવે છે. વળી સાથે જનસમાજને તદ્દન મફત ડોકટરી મદદ મળે માટે દવાખાનાની પણ યોજના કરવામાં આવી છે, આ રીપોર્ટ વાંચતાં તેની મેનેજીંગ કમીટી ઉત્સાહ અનુકંપા બુદ્ધિ અને લાગણીથી અશકત મનુષ્યોની સેવા કરે છે, એમ જણાય છે. ચાલુ વર્ષમાં સ્ત્રી પુરૂષો મળી ૭૪ અશકત મનુષ્યો વિવિધ કોમના મળી લાભ લીધો છે. વળી સાથે ધાર્મિક તથા સંગીત શિક્ષણ આપવાનું કાર્ય આ વર્ષથી હાથ ધરવામાં આવેલ હોઇ આત્મીક શાંતિ મળે તેવો પ્રબંધ હોઇ ખુશી થવા જેવું છે. સંસ્થાને મકાન છતાં સાથે જે દવાખાનાની યોજના કરી છે તેના મકાન માટે રૂ. દશથી બાર હજાર રૂપૈયાની માંગણી આ ખાતાની કમીટીએ કરી છે, તો પરોપકારી અને દયાળુ કોઇપણ મનુષ્યે તે ઉપાડી લઇ આ પરોપકારી જન સમાજના સેવાના કાર્યમાં ભાગ લઇ તેની કમીટીના ઉત્સાહમાં વૃદ્ધિ કરવાની જરૂર છે. હિસાબ, વ્યય વગેરે બરાબર છે. કોઇપણ મનુષ્યે આ ખાતાને કોઇપણ પ્રકારે આર્થિક સહાય આપવાની જરૂર છે. અમો તેમની ઉન્નતિ ઇચ્છતાં મેનેજીંગ કમીટીના સભ્યોને ધન્યવાદ આપીયે છીયે.

---

## જૈન સાહિત્ય સંશોધક ખંડ ૩ અંક ૧ લો.

---

સચિત્ર ત્રિમાસિક ફાલ્ગુન સંપાદક **શ્રી જિનવિજયજી આચાર્ય** પુરાતત્ત્વ મંદિર—પ્રકાશક શ્રી જૈન સાહિત્ય સંશોધક—અમદાવાદ.

ગુજરાત પુરાતત્ત્વમંદિર દ્વારા જન સમાજની સતત સેવા કરનાર તે સંસ્થાના આચાર્ય અને આ માસિકના સંપાદક મહાશય તરફથી પ્રકટ થયેલ આ અંક અમારા હસ્તમાં આવતાં તે આનંદ પૂર્વક વધાવી લઇયે છીયે. જૈન સમાજમાં આવા ત્રિમાસિક જ્યાં ખાસ જરૂર હતી તે જરૂરીયાત આ માસિક પ્રકટ થવાથી પૂરી પડેલી છે. આ અંકમાં જુદા જુદા વિદ્વાન લેખકોથી વિદ્વત્તાપૂર્ણ ૨૨ લેખો અને અનેક ચિત્રો આપી તેના બાહ્ય અને અભ્યંતર સ્વરૂપને સુંદર અને આકર્ષક બનાવેલ છે. શરૂઆતમાં શ્રી મહાવીર દેવની સ્તુતિ, મંત્ર પદો, ફારસી ભાષામાં શ્રી પ્રથમ તીર્થંકર સ્તવન તેના અર્થ અને વિવેચન સાથે સરલ રીતે આપવામાં આવેલ છે. તે સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યાનુયોગ, ઇતિહાસ, ચિત્રકળા, જૈન સાહિત્ય, રાસ, ન્યાય, વિગેરે લેખો તેના સંબંધની જરૂરીયાતવાળી હકીકત સાથે પૂરી પાડવામાં આવેલ છે. દરેકે દરેક લેખો મનન પૂર્વક વાંચવા જેવા અને તે તે વિષયો માટે પ્રકાશ પાડનારા છે. ઘણા થોડા સમયમાં અધિક પ્રયત્નવડે આ અંક સંપાદક મહાશયે તૈયાર કરેલો છે. સંપાદક શ્રી અને પંડિતજી સુખલાલજીભાઇનો પ્રયત્ન આ માસિક માટે જોતાં પ્રશંસનીય છે. જૈન સાહિત્ય માટે આ માસિક પ્રથમ પંક્તિએ મુકવા યોગ્ય છે. લવાજમ વર્ષના રૂા. ૬–૦–૦ તેની સુંદર રચના જોતાં વિશેષ નથી. જૈન સમાજે ગ્રાહક થઇ અથવા બીજા પ્રકારે સહાય આપી કદર કરવાની જરૂર છે. જૈન સમાજના આવા પેપરો વિશેષ પ્રમાણે પ્રકટ થઈ સાહિત્ય સેવા કરે તેમ અમો ઇચ્છીયે છીયે.

# સાભાર સ્વીકાર.

નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ પ્રાકૃત વ્યાકરણ ( અષ્ટમોઽધ્યાયઃ ) પ્રકટ કર્ત્તા શ્રી હેમચંદ્રાચાર્ય સભા—પાટણ.

૨ મ્હારી પ્રતિજ્ઞા—પ્રકાશક પંડિત મોક્ષાકર વિશ્વબંધુ.

# ધર્મરત્ન શ્રીયુત વેણીચંદભાઇનો સ્વર્ગવાસ.

જાણીતા જૈન ભકત નરરત્ન વેણીચંદભાઇ સુરચંદ ગયા માસની વદી ૯ ના રોજ કેટલાક માસની બિમારી ભોગવી ૭૦ વર્ષની વૃદ્ધ વયે સ્વર્ગવાસ પામ્યા છે. જે માટે અમો દિલગીર થયા છીએ. જ્ઞાન ધ્યાન, તીર્થ અને ધર્મની સેવામાંજ આખું જીવન જેમણે વ્યતીત કર્યું હતું. કોઇપણ મુનિ મહારાજ કે જૈન ગૃહસ્થોને નવું કોઇ ધાર્મિક કાર્ય શરૂ કરવુ હોય અને જેમાં પૈસાની જરૂર હોય તેવાં કાર્ય વેણીચંદભાઇનેજ સોંપાતા; જયાં જ્યાં તેઓ તે માટે જાય ત્યાં તે માંગે તેટલું મેળવી શકે, તેટલુંજ નહિ પણ કોણ કેવી રીતની સહાય આપે છે એ પુછવા કે જાણવાપણુંજ ન હોય તેવી શકિત પણ તેમણે કેળવી હતી. શ્રેયસ્કર મંડળ મ્હેસાણા અને પાઠશાળા, તીર્થનો જીર્ણોદ્ધાર, આગમોદયની સહાય વગેરે અનેક કાર્યો તેમના સતત્ પ્રયત્નો રૂપેજ હતા. સ્વભાવે સરલ, સાદા, શાંત પ્રમાણિક, ભદ્રીક, અને દેવ, ગુરૂ અને ધર્મની ખરી સેવા કરનાર એક નરવીરના સ્વર્ગવાસથી જૈન સમાજમાં એક ખરેખરા લાયક પુરૂષની ખોટ પડી છે. તેમની જગ્યા પુરે તેવી વ્યકિત તો હાલ દેખાતી નથી. પોતાના હસ્તના ખાતાઓની અવ્યવસ્થા પાછળ ન થવા પામે તે માટે અંતીમ વખતે યોગ્ય વ્યવસ્થા કરવાનું પણ તે ભૂલ્યા નથી. છેવટે તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થવા સાથે તેમના અધુરા રહેલા કાર્યો પારપડે તેવા તેમના શિષ્યો કે રાગીઓ કે વખાણનારાઓ બહાર આવે તેમ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

## જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ ૭ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્‌ભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોસ્ટેજ જુદું. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## " શ્રી આચારોપદેશ ગ્રંથ. "

આચાર એ પ્રથમ ધર્મ છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે ( બ્રાહ્મમુહૂર્ત વખતે ) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે શરૂઆતથી પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ હોઈ એક ઉત્તમ કૃતિ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠનપાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ. કેટલેક સ્થળે જૈન શાળાઓમાં ધાર્મિક શિક્ષણ માટે ચલાવવા નકી થયેલ છે. કિંમત મુદલ રૂા. ૦-૮-૦

---

## " શ્રી ધર્મરત્ન પ્રકરણ. "

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો, સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઈ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરવા કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂા ૧-૦-૦

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રગટ થઈ ગયો છે.

## 'ઘર આંગણે સમર્થ જ્યોતિષી'

જ્યોતિષશાસ્ત્ર એ આપણા આર્યાવર્તનો અદ્દભૂત ચમત્કાર છે. જ્યોતિષ શાસ્ત્રની ઘણી ખરી હકીકતોને આબાદ સાચીપડતી જોઇ નાસ્તિકો પણ મોંમાં આંગળી નાખે છે, આવા જ્યોતિષશાસ્ત્રના એક મુકુટમણિ રૂપ

## વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત.

નામનો

ગુજરાતી ભાષાનો ગ્રંથ પ્રસીદ્ધ થઇ ગયો છે જેમાં અમુક વર્ષ કેવું નિવડશે, રાશી નક્ષત્ર વિગેરેની વ્યાપાર વ્યવહાર ઉપર કેવી અસર થશે તે હાથમાંના આરિસાની જેમ સ્પષ્ટ જોઇ શકાય છે.

**સ્વરવિજ્ઞાન, ઉત્પાત પ્રકરણ, વાયુ અધિકાર, મેઘગર્ભ કથન, અંગસ્ફુરન નિમિત્ત,**

**—: શરીરનાં ચિન્હો ઉપરથી થતા લાભાલાભ :—**

મુહૂર્તો, ધ્રુવાંક, ગૌતમકેવળી મહાવિદ્યા, રમલશાસ્ત્ર, વરસાદ જાણવાના શુકન, અને બીજા શાસ્ત્રીય વિષયોનો એક સમુદ્ર હોય એમ આ ગ્રંથ જોવાથી કોઈને પણ લાગ્યા વિના નહિ રહે.

## કિંમત રૂા. ૮-૦-૦

વ્યાપારી વર્ગને, રાજામહારાજાઓને, કૃષીકારોને, અને જ્યોતિષશાસ્ત્રના અભ્યાસીઓને એક ઉત્તમ સલાહકાર નીવડશે.

ગ્રાહકોની મોટી સંખ્યા વધી જવાથી ક્રમસર પૂસ્તકો મોકલવામાં આવશે તેથી પૂસ્તક મળવામાં ઢીલ થાય તો ગ્રાહકો ધીરજ રાખશે વી. પી નું કાર્ય અસાડ વદ ૮ અષ્ટમીથી શરૂ થશે.

આ પ્રાચીન ગ્રંથનું ભાષાંતર વિદ્વાન પંડિતે કરેલ છે અને તે જ્યોતિષ શાસ્ત્રના અનુભવી વિદ્વાન મુનિરાજની દૃષ્ટિ નીચે પસાર થયા પછી છપાય છે.

લખોઃ—માસ્તર પોપટલાલ સાકરચંદ.

ઠે૦—જૈન ધર્મ પ્રસારક સભા—**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only